Wednesday, 23 September 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૭૨ ● સંવત-૨૦૮૨ ભાદરવા સુદ બારસ ● Web: www.vartmanpravah.com
vartmanpravah @VartmanPravahD



નિરાશ ન થશો કદી, આત્મવિશ્વાસ ક્યારેય ન ગુમાવશો,
આપનું ભવિષ્ય ઉજ્જવળ કરો.
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

## ‘વિકસિત ભારત’ના નિર્માણ માટે સ્વચ્છતા પણ એક મહત્ત્વનું પરિબળઃ મુકેશ ગોસાવી, જિ.પં. શિક્ષણ સમિતિના ચેરમેન

### દમણ જિ.પં.ના શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાની પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ‘સ્વચ્છતા હી સેવા-૨૦૨૬’ અંતર્ગત નિબંધ, ડ્રોઈંગ અને રંગોળી સ્પર્ધાનું કરાયેલું આયોજન

### દમણવાડાની શાળામાં જિ.પં. શિક્ષણ સમિતિના ચેરમેન મુકેશ ગોસાવી અને સરપંચ કલ્પનાબેન હળપતિએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યાઃ વિદ્યાર્થીઓના હાથમાં નમો ફ્રેન્ડશીપ બેન્ડ બાંધી વિકસિત ભારતના નિર્માણ માટે પ્રેરિત કર્યા





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૨**

દમણ જિલ્લા પંચાયતના શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાની પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં ‘સ્વચ્છતા હી સેવા-૨૦૨૬’ અંતર્ગત ‘સ્વચ્છતા મેં સહભાગ, સ્વચ્છ ભારત, વિકસિત ભારત’ થીમ ઉપર નિબંધ, ડ્રોઈંગ અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દમણ જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી મુકેશ ગોસાવીએ દમણવાડા અને પરિયારી શાળાની મુલાકાત લઈ બાળકોએ વ્યક્ત કરેલ અભિવ્યક્તિને નિહાળી હતી.

દમણવાડા શાળા ખાતે આયોજીત કાર્યક્રમમાં ભાગ લેતા જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી મુકેશ ગોસાવીએ જિલ્લા પંચાયતના શિક્ષણ વિભાગ દ્વારા કરાયેલા આયોજનની સરાહના કરી હતી અને તેમણે વિદ્યાર્થીઓને ભારપૂર્વક જણાવ્યું હતું કે, ‘વિકસિત ભારત’ના નિર્માણ માટે સ્વચ્છતા પણ એક મુખ્ય પરિબળ છે. તેમણે કોરોના મહામારીની યાદ અપાવતા જણાવ્યું હતું કે, સ્વચ્છતા અને સાવધાનીના કારણે આપણે કોરોના સામેની જંગ પણ જીતી શક્યા છીએ. તેમણે વિદ્યાર્થીઓને પોતાના ઘર, શાળા અને આસપાસના વિસ્તારને સ્વચ્છતા રાખવાનો સંકલ્પ લેવા પણ પ્રેરિત કર્યા હતા અને આ અભિયાનને એક કાર્યક્રમ સુધી સીમિત નહીં રાખતા પોતાની દૈનિક જીવનશૈલીની આદત બનાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે દમણવાડા ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી કલ્પનાબેન હળપતિ પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

દમણ જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી મુકેશ ગોસાવી અને દમણવાડા ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી કલ્પનાબેન હળપતિએ વિદ્યાર્થીઓને નમો ફ્રેન્ડશીપ બેન્ડ પહેરાવી વિકસિત ભારતના નિર્માણમાં સામેલ થવા પ્રેરિત કર્યા હતા.

ચિત્રકળા, નિબંધ અને રંગોળીની સ્પર્ધામાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને મહાનુભાવો દ્વારા પુરસ્કૃત કરાયા હતા. શાળાના આચાર્ય અને વિદ્યાર્થીઓએ કાર્યક્રમને સફળ બનાવવા અથાક પ્રયાસ કર્યો હતો.

## પરિયારી શાળાના વિદ્યાર્થીઓએ દોરેલા ચિત્રોની ગોઠવણી ધ્યાનાકર્ષક રહી





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

દમણ જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી મુકેશ ગોસાવીએ પરિયારી શાળાની મુલાકાત લઈ ડ્રોઈંગ અને રંગોળીનું પ્રદર્શન નિહાળ્યું હતું. તેમણે શાળાના આચાર્ય શ્રી અરવિંદભાઈ સુમરાને વિદ્યાર્થીઓ દ્વારા દોરેલ ચિત્રોને દરેક વ્યક્તિ નિહાળી શકે તે રીતે ગોઠવવા બદલ અભિનંદન પણ આપ્યા હતા. પરિયારી શાળાના બાળકોએ વિકસિત ભારતના નિર્માણમાં સ્વચ્છતાની ભૂમિકા ઉપર સુંદર અને મૌલિક ચિત્રો અને રંગોળીનું સર્જન કર્યું હતું.

## દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ તરીકે નિશાબેન ભવરે એક વર્ષમાં પોતાની આગવી પ્રતિભાના કરાવેલા દર્શન

### પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ તરીકે એક વર્ષ પૂર્ણ થતાં ઠેર ઠેરથી થઈ રહેલો અભિનંદનનો વરસાદ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૨**

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ તરીકે શ્રીમતી નિશાબેન ભવરનો આજે એક વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતાં પ્રદેશ મહિલા મોરચાની બહેનો અને પદાધિકારીઓએ તેમનું હાર્દિક સ્વાગત, અભિનંદન અને સન્માન કર્યું હતું. પ્રદેશ ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ તરીકે શ્રીમતી નિશાબેન ભવરે પોતાની એક આગવી પ્રતિભા અને કુશળ નેતૃત્વના પણ દર્શન કરાવ્યા હતા.

શ્રીમતી નિશાબેન ભવરે છેલ્લા એક વર્ષ દરમિયાન પ્રદેશ મહિલા મોરચાના સંગઠનને બૂથ સ્તર સુધી ઔર વધુ મજબુત બનાવવા, મહિલાઓની સક્રિય ભાગીદારી વધારવા તથા સમાજના વચ્ચે જન સેવા અને જન જાગૃતિ સાથે જોડાયેલા વિવિધ કાર્યોને આગળ ધપાવવાનો પણ નિરંતર પ્રયાસ કર્યો હતો.

આ પ્રસંગે પ્રદેશ, જિલ્લા અને મંડળની મહિલા મોરચાની સભ્યો, પદાધિકારીઓ અને શુભેચ્છકોએ શ્રીમતી નિશાબેન ભવરના નેતૃત્વમાં પ્રદેશની મહિલાઓને નવી ઊર્જા અને ઉત્સાહનો સંચાર થયો હોવાનું જણાવી રહ્યા છે. મહિલા સશક્તિકરણના ક્ષેત્રમાં પણ તેમની સક્રિય ભાગીદારી રહી છે.

## દીવઃ ૨૪ કલાકની અંદર હત્યાના પ્રયાસમાં પોલીસે ત્રણ આરોપીઓની કરેલી ધરપકડ

### કોર્ટમાં રજૂ કરાતા ૨૫/૦૯/૨૦૨૬ સુધીના મંજૂર કરાયા પોલીસ કસ્ટડી રિમાન્ડ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૨**

૨૦/૦૯/૨૦૨૬ના રોજ લગભગ ૨૦:૩૦ વાગ્યે, વણાંકબારામાં મહેશ્વરી હોટેલ પાસે થયેલા હુમલાની ઘટના અંગે માહિતી મળી હતી, જેમાં એક વ્યક્તિને છરીના ઘા મારતા ગંભીર ઈજા થઈ હતી. તે મુજબ, પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો અને જરૂરી કાર્યવાહી શરૂ કરી હતી. ઘાયલ વ્યક્તિની ઓળખ શ્રી પીયૂષ જેન્તી તરીકે થઈ હતી, જે ૨૫ વર્ષનો હતો અને દીવના વણાંકબારામાં રહેતો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે પ્રાથમિક તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું હતું કે આ ઘટના બાતમીદારની મંગેતર સાથે

- (વધુ પાના નં.૨ પર)








## સુવિચાર - સદ્‌વિચાર

જ્ઞાનથી શબ્દ સમજાય અનુભવથી અર્થ, વ્યક્તિ શું એ મહત્વનું નથી, પણ એ વ્યક્તિમાં શું છે એ મહત્વનું છે.

## કવિતા

### અબ તો મનવા મેરા કરી લે શુદ્ધ વિચાર

અબ તો મનવા મેરા કરી લે શુદ્ધ વિચાર,
પરમાત્મા પદ પૂરણ સબ હી, નહીં પાર નહીં વાર,
સ્થાવર જંગમ સદા આદ કે નામ રૂપ આધાર, આધાર. અબ..
વેદ સ્મૃતિ સદા પોકારે, વિશ્વ રૂપ કિરતાર,
સમ સંતોષ વિચાર શુદ્ધ અંગ, એહી મોક્ષ કો દુવાર, દુવાર.અબ.
વિવેક અરુ વૈરાગ ખટ સંપતિ, મુમુક્ષતા ઉર ધાર,
તત્પદ ત્વંપદ કરો વિચાર, લક્ષાર્થ નિહાર, નિહાર...અબ તો..
શ્રાવણ મનન અરુ નિધ્યાસન હોવત સાક્ષાત્કાર,
તિમિર નાશ ભયો તત્કાલ, સૂરજ કો ઉજિયાર, ઉજિયાર...અબ..
સોહંમ સતગુરુ જ્ઞાન બતાયા, મહા વાક્ય અનુસાર,
'આનંદરામ' સતગુરુ મોરાર કે ચરણે,
બાંય ગ્રહી લિયો તાર, તાર... અબ...

- આનંદરામ સાહેબ

## આજની જોક

**પતિનું લોજિક**

પત્ની : સાંભળો છો, લગ્ન પહેલાં તો તમે મારા માટે સિંહ સામે પણ લડી જવા તૈયાર હતા, અને અત્યારે વંદાથી પણ ડરો છો
પતિ, ગાંડી, ત્યારે મને જીવવાની કોઈ આશા નહોતી, હવે તારી સાથે જીવવાની ટેવ પડી ગઈ છે એટલે ડર લાગે છે!

## કબીર વાણી



**વાસરમાં સુખ ન રૈન ન સુખ, ન સુખ ધુપ ન છાંય;**
**કે સુખ શરણે રામકે, કે સુખ સંતો માંય.**

**-અર્થાત-**

આ સંસારમાં ન તો દિવસે સુખ છે કે ન રાત્રે, ન તડકામાં સુખ છે કે ન છાંયડે. સાચું સુખ તો ભગવાનના શરણે જવાથી કે સાધુ-સંતોના સમાગમથી મળે છે

## ચાણક્ય ઉવાચ



**ગતશોકો ન કર્તવ્યો ભવિષ્યં નૈવ ચિન્તયેત્।**
**વર્તમાનેન કાલેન વર્તન્તિ વિચક્ષણાઃ॥**

**-અર્થાત-**

જે સમય વીતી ગયો છે તેનો અફસોસ ન કરવો જોઈએ અને ભવિષ્યની ચિંતામાં ડૂબેલા ન રહેવું જોઈએ. બુદ્ધિશાળી લોકો હંમેશાં વર્તમાન સમયને જોઈને જ પોતાનું કાર્ય કરે છે અને જીવે છે.

## આજનો દિન વિશેષ

### રામધારી સિંહ(ભારતીય હિન્દી ભાષાના કવિ)

રામધારી સિંહ (૨૩ સપ્ટેમ્બર ૧૯૦૮ - ૨૪ એપ્રિલ ૧૯૭૪), જે તેમના ઉપનામ દિનકરથી જાણીતા છે, તેઓ ભારતીય હિન્દી ભાષાના કવિ, નિબંધકાર, સ્વતંત્રતા સેનાની, દેશભક્ત અને શૈક્ષણિક હતા.ભારતીય સ્વતંત્રતા પહેલાના દિવસોમાં લખાયેલી તેમની રાષ્ટ્રવાદી કવિતાના પરિણામે તેઓ બળવાના કવિ તરીકે ઉભરી આવ્યા હતા. તેમની કવિતામાં વીર રસ (વીરતાની ભાવના) હતી, અને તેમની પ્રેરણાદાયી દેશભક્તિ રચનાઓને કારણે તેમને રાષ્ટ્રકવિ રાષ્ટ્રીય કવિ) અને યુગ-ચારણ (યુગના ચરણ) તરીકે બિરદાવવામાં આવ્યા છે. તેઓ હિન્દી કવિ સંમેલનના નિયમિત કવિ હતા અને હિન્દી ભાષીઓ માટે કવિતા પ્રેમીઓમાં એટલા જ લોકપ્રિય અને જોડાયેલા હોવાનું માનવામાં આવે છે જેટલા રશિયનો માટે પુષ્કિને કર્યું હતું.

નોંધપાત્ર આધુનિક હિન્દી કવિઓમાંના એક, દિનકરનો જન્મ બ્રિટિશ ભારતના બંગાળ પ્રેસિડેન્સીના સિમરિયા ગામમાં થયો હતો, જે હવે બિહાર રાજ્યના બેગુસરાય જિલ્લાનો ભાગ છે. સરકારે તેમને ૧૯૫૯માં પદ્મ ભૂષણથી સન્માનિત કર્યા હતા અને તેમને ત્રણ વખત રાજ્યસભામાં નામાંકિત કર્યા હતા. તેવી જ રીતે, તેમના રાજકીય વિચારોને મહાત્મા ગાંધી અને કાર્લ માર્ક્સ બંને દ્વારા ખૂબ જ આકાર આપવામાં આવ્યો હતો. દિનકરે સ્વતંત્રતા પૂર્વેના સમયગાળામાં તેમની રાષ્ટ્રવાદી કવિતા દ્વારા લોકપ્રિયતા મેળવી હતી.

દિનકરે શરૂઆતમાં ભારતીય સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ક્રાંતિકારી ચળવળને ટેકો આપ્યો હતો, પરંતુ પછીથી ગાંધીવાદી બન્યા. જોકે, તેઓ પોતાને 'ખરાબ ગાંધીવાદી' કહેતા હતા કારણ કે તેઓ યુવાનોમાં રોષ અને બદલાની લાગણીઓને ટેકો આપતા હતા.કુરુક્ષેત્રમાં, તેમણે સ્વીકાર્યું કે યુદ્ધ વિનાશક છે પરંતુ દલીલ કરી હતી કે તે સ્વતંત્રતાના રક્ષણ માટે જરૂરી છે. તેઓ રાજેન્દ્ર પ્રસાદ, અનુગ્રહ નારાયણ સિંહા, શ્રી કૃષ્ણ સિંહા, રામવૃક્ષ બેનીપુરી અને બ્રજ કિશોર પ્રસાદ જેવા તે સમયના અગ્રણી રાષ્ટ્રવાદીઓની નજીક હતા.દિનકર ત્રણ વખત રાજ્યસભામાં ચૂંટાયા હતા, અને તેઓ ૩ એપ્રિલ ૧૯૫૨ થી ૨ એપ્રિલ ૧૯૬૪ સુધી આ ગૃહના સભ્ય હતા,અને ૧૯૫૯માં તેમને પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા.તેઓ ૧૯૬૦ના દાયકાની શરૂઆતમાં ભાગલપુર યુનિવર્સિટી (ભાગલપુર, બિહાર) ના વાઈસ ચાન્સેલર પણ હતા.

## બ્યુટી ટીપ્સ : ટેટૂ

યોગ્ય ટેટૂ બ્યુટી કેરમાં શાહી લગાવતા પહેલા તમારી ત્વચાને તૈયાર કરવી અને તમારી રેખાઓ તીક્ષ્ણ અને રંગોને જીવંત રાખવા માટે દરરોજ ભેજ જાળવી રાખવો શામેલ છે. ટેટૂ કરાવતા પહેલા દરરોજ હાઈડ્રેટ કરો, તમારી ત્વચાને કોમળ બનાવવા માટે તમારી મુલાકાતના અઠવાડિયા પહેલા ઓછામાં ઓછું ૨ લિટર પાણી પીવો. હળવા હાથે એક્સફોલિએટ કરો વિસ્તારને સરળ બનાવવા અને મૃત ત્વચાના કોષોને દૂર કરવા માટે ૨-૩ દિવસ પહેલા હળવા ખાંડના સ્ક્રબનો ઉપયોગ કરો.

બ્લડ થિનર્સ છોડી દોઃ તમારા સત્રના ૪૮ કલાક પહેલા આલ્કોહોલ અને કેફીન ટાળો જેથી રક્તસ્રાવ ઓછો થાય. સૂર્ય-કાશ ટાળો, ટેનિંગ બેડ અને સીધા સૂર્યપ્રકાશથી દૂર રહો જેથી તમારી ત્વચા સંવેદનશીલ કે નુકસાન ન થાય. હીલિંગ અને દૈનિક આફટરકેર હળવા હાથે સાફ કરો. દિવસમાં બે વાર હૂંફાળા પાણી અને હળવા, સુગંધ-મુક્ત સાબુથી વિસ્તાર ધોઈ લો.

**પેટ ડ્રાય કરોઃ** ક્યારેય તાજા ટેટૂને ટુવાલથી ઘસો નહીં; હંમેશા તેને હળવા હાથે થપથપાવો.મોઈશ્ચરાઈઝ કરો, સ્કેબ્સને એકલા છોડી દો હીલિંગ ત્વચાને ચૂંટો, ખંજવાળશો નહીં અથવા છાલશો નહીં, કારણ કે આ શાહી બહાર કાઢી શકે છે.

### દર્દીઓની સારવાર ૩૧૭ બેડની ટ્રાન્ઝિશનલ હોસ્પિટલ

# વ્યારામાં ૩૧૭ બેડની હોસ્પિટલનું CM ભૂપેન્દ્ર પટેલે કર્યું લોકાર્પણ

## ૮૦૦ બેડની નવી હોસ્પિટલ અને ૧૫૦ બેઠકોની MBBS મેડિકલ કોલેજનું નિર્માણ થશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**વ્યારા, તા.૨૨**

Torrent ગ્રુપના યુ.એન.એમ. ફાઉન્ડેશન દ્વારા આજે વ્યારા ખાતે ૩૧૭ બેડની પુનર્નિર્મિત 'ટ્રાન્ઝિશનલ' સુવિધાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ, ગુજરાત સરકાર સાથેની 'જાહેર-ખાનગી ભાગીદારી' (PPP) હેઠળ આકાર લઈ રહેલા 'યુએનએમ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ પ્રોજેક્ટ' અંતર્ગત નવી હોસ્પિટલ ઈમારતનો શિલાન્યાસ પણ સંપન્ન થયો હતો. આ સાથે જ વ્યારા ખાતેના આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નવનિર્મિત ૩૧૭ બેડની અત્યાધુનિક સુવિધાનું ઉદ્ઘાટન કર્યું હતું, તેમજ યુ.એન.એમ. મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલની ૮૦૦ બેડની વિશાળ નવી હોસ્પિટલ ઈમારતનું ભૂમિપૂજન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ નવી હોસ્પિટલ હાલની ૧૫૬ બેડની જૂની હોસ્પિટલનું સ્થાન લેશે. આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલ અને ડૉ. જયરામ ગામિત, રાજ્ય કક્ષાના મંત્રી (સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન)ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

હાલ વ્યારા જનરલ હોસ્પિટલમાં ચાલી રહેલી તમામ તબીબી સેવાઓ અને દર્દીઓની સારવાર હવે આ નવનિર્મિત ૩૧૭ બેડની 'ટ્રાન્ઝિશનલ હોસ્પિટલ'માં સ્થળાંતરિત કરવામાં આવશે. નવી ૮૦૦ બેડની વિશાળ હોસ્પિટલના નિર્માણ કાર્ય દરમિયાન પણ દર્દીઓની સારવારમાં કોઈ ખલેલ ન પહોંચે અને આરોગ્ય સેવાઓ નિરંતર ચાલુ રહે, તે હેતુથી વ્યારા જનરલ હોસ્પિટલના હાલના કેમ્પસમાં જ આ વિશેષ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ ૩૧૭ બેડની પુનર્વિકસિત ટ્રાન્ઝિશનલ સુવિધા વ્યારા જનરલ હોસ્પિટલના હાલના કેમ્પસમાં સ્થિત છે. આગામી સમયમાં આ સમગ્ર કેમ્પસને એક અત્યાધુનિક હેલ્થકેર હબ તરીકે વિકસાવવામાં આવશે.

આ પ્રોજેક્ટના આગામી તબક્કામાં અહીં ૧૫૦ બેઠકો ધરાવતી MBBS મેડિકલ કોલેજ અને વિદ્યાર્થીઓ માટે સુસજ્જ હોસ્ટેલનું નિર્માણ પણ કરવામાં આવશે, જેનાથી વ્યારા અને નજીકના ગ્રામીણ ક્ષેત્રોના યુવાનોને ઘરઆંગણે જ ગુણવત્તાયુક્ત તબીબી શિક્ષણ મેળવવાની ઉત્તમ તક સાંપડશે.

આ સમગ્ર મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૯૧૦ કરોડ છે, જેનો સંપૂર્ણપણે યુ.એન.એમ. ફાઉન્ડેશન દ્વારા વહન કરવામાં આવશે. તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા ખાતે જ આ પ્રકારની વિશિષ્ટ તબીબી સારવાર ઉપલબ્ધ થવાથી દર્દીઓને હવે ૭૫ કિલોમીટર દૂર સુરત સુધી જવું નહીં પડે. આ પહેલથી દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રના સરહદી વિસ્તારોના આશરે ૮ લાખથી વધુ લોકોને, ખાસ કરીને આદિવાસી સમુદાયને, પોતાના નજીકના વિસ્તારમાં જ શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ અને મેડિકલ શિક્ષણનો લાભ મળશે.

ટોરેન્ટ ગ્રુપના ડિરેક્ટર જીનલ મહેતાએ જણાવ્યું હતું કે, "ગુજરાત સરકાર સાથેની ભાગીદારીમાં યુ.એન.એમ. ફાઉન્ડેશન દ્વારા વ્યારા જનરલ હોસ્પિટલના પુનર્વિકાસ અને વિસ્તરણનું આ મહત્વાકાંક્ષી કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ સમગ્ર સંકુલને અત્યાધુનિક આરોગ્ય કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. જાહેર-ખાનગી ભાગીદારી (PPP) મોડલ હેઠળની આ પહેલથી ગુજરાત અને મહારાષ્ટ્રના સરહદી વિસ્તારોના લોકોને, ખાસ કરીને આદિવાસી સમુદાયને, પોતાના ઘરઆંગણે જ અદ્યતન તબીબી સારવાર ઉપલબ્ધ થશે. ટ્રાન્ઝિશનલ સુવિધાનું લોકાર્પણ અને નવી યુ.એન.એમ. જનરલ હોસ્પિટલનો શિલાન્યાસ એ વ્યારા અને આસપાસના વિસ્તારો માટે હેલ્થકેર ક્ષેત્રે એક નવા અધ્યાયનો પ્રારંભ છે."

આ પ્રોજેક્ટ ગુજરાત સરકાર સાથેના જાહેર - ખાનગી ભાગીદારી મોડલ હેઠળ વિકસાવવામાં આવ્યો છે.

કુલ કાર્પેટ એરિયા ૯,૯૮૬ ચોરસ મીટર છે.હોસ્પિટલમાં કુલ ૩૧૭ કાર્યરત બેડ ઉપલબ્ધ છે, જેમાં



૨૭૧ વોર્ડ બેડ અને ૪૬ ક્રિટિકલ કેર બેડનો સમાવેશ થાય છે.

ઓપીડીની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. અગાઉ દરરોજ આશરે ૭૦૦ દર્દીઓની ઓપીડી ક્ષમતાની સામે હવે ૧૭ ક્લિનિકલ સ્પેશિયાલિટીઝ માટે ૨૪ સમર્પિત ઓપીડી રૂમ સાથે દરરોજ આશરે ૧,૨૦૦ દર્દીઓને સેવા આપી શકાશે.

હોસ્પિટલમાં કુલ ૪ સંપૂર્ણ સુસજ્જ ઓપરેશન થિયેટર છે, જેમાં ૩ મેજર સર્જરી માટે અને ૧ સીઝેરિયન/મેટરનિટી સેવાઓ માટે છે. આ ઉપરાંત 1 ER Minor OT અને 1 Post-Mortem OTની સુવિધા પણ ઉપલબ્ધ છે.

ક્રિટિકલ કેર સુવિધાઓને વધુ સુદઢ બનાવવામાં આવી છે, જેમાં ૩૪ ICU બેડ, ૧૨ NICU/PICU બેડ અને ૬ ER બેડનો સમાવેશ થાય છે.

અદ્યતન પેથોલોજી અને માઈક્રોબાયોલોજી લેબોરેટરી, કાર્યરત બ્લડ સ્ટોરેજ સેન્ટર, તેમજ X-Ray અને USG જેવી ક્લિનિકલ અને ડાયગ્નોસ્ટિક સુવિધાઓ ઉપલબ્ધ છે.

વિશિષ્ટ આરોગ્યસેવા માટે ૮ બેડનું નવું ડાયાલિસિસ યુનિટ, સેન્ટ્રલ સ્ટરાઈલ સપ્લાય ડિપાર્ટમેન્ટ (CSSD), Kangaroo MOher Care Room અને NRC Ward વિકસાવવામાં આવ્યા છે.

હોસ્પિટલમાં વર્તમાન સલામતી અને ગુણવત્તાના ધોરણોને અનુરૂપ નવી પેઢીના આધુનિક બાયોમેડિકલ સાધનો સ્થાપિત કરવામાં આવ્યા છે.

# ભાંડુત ગામની દીકરી શ્વેતા પટેલે ઈન્ટર કોલેજ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતી ગામનું ગૌરવ વધાર્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૨૨**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા આયોજિત ઈન્ટર કોલેજ બોક્સિંગ (M/W) ચેમ્પિયનશિપ ૨૦૨૬-૨૦૨૭ માં ભાંડુત ગામની દીકરી કુ. શ્વેતા પટેલે ઉત્કૃષ્ટ દેખાવ કરીને સિલ્વર મેડલ (દ્વિતીય ક્રમ) પ્રાપ્ત કર્યો છે. શ્વેતા પટેલે ભાંડુત ગામનાં વતની રમેશભાઈ લલ્લુભાઈ પટેલની દીકરી છે. તેણીએ પોતાની મહેનત, હિંમત અને સપનાનાં જોરે આ સિદ્ધિ મેળવી છે.



બોક્સિંગ જેવી કઠિન રમતમાં દીકરીએ મેળવેલી આ સફળતા એ સાબિત કરે છે કે "Boxing Builds Stronger Women". શ્વેતાની આ સિદ્ધિ બદલ સમગ્ર ભાંડુત ગામ સહિત સમગ્ર ઓલપાડમાં તાલુકા સહિત હર્ષની લાગણી ફેલાઈ છે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે, શ્વેતાએ માત્ર પોતાનાં પરિવારનું જ નહીં પરંતુ સમગ્ર ગામનું નામ રોશન કર્યું છે.

ગામનાં આગેવાનો અને યુવાનો તરફથી શ્વેતા પટેલને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તેનાં ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપવામાં આવી છે.

### કરાર આધારિત કર્મચારીઓને મોટો ઝટકો

# ગ્રેચ્યુઈટી અંગે સુપ્રીમ કોર્ટનો આંચકાજનક ચુકાદો

## જો મુખ્ય કંપની અને કોન્ટ્રાક્ટર દ્વારા રાખવામાં આવેલા શ્રમિકો વચ્ચે સીધો નિયોક્તા-કર્મચારી સંબંધ ન હોય

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૨૨**

ભારતમાં કર્મચારીઓને મળતા મહત્ત્વપૂર્ણ નાણાકીય લાભ ગ્રેચ્યુઈટીને લઈને સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક અને મોટો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે કોન્ટ્રાક્ટ (કરાર) પર કામ કરતા કર્મચારીઓની ગ્રેચ્યુઈટી ચૂકવવા માટે મુખ્ય નિયોક્તા જવાબદાર રહેશે નહીં. જો મુખ્ય કંપની અને કોન્ટ્રાક્ટર દ્વારા રાખવામાં આવેલા શ્રમિકો વચ્ચે સીધો નિયોક્તા-કર્મચારી સંબંધ ન હોય, તો મુખ્ય કંપની પર ગ્રેચ્યુઈટી ચૂકવવાની કાનૂની જવાબદારી લાદી શકાય નહીં.

જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ મનમોહનની બેન્ચે આ મહત્ત્વપૂર્ણ ચુકાદો બોમ્બે હાઈકોર્ટના તે આદેશને રદ કરતાં આપ્યો હતો, જેમાં સરકારી ઓઈલ કંપની ઓએનજીસી (ONGC)ને કોન્ટ્રાક્ટરના મજૂરોને ગ્રેચ્યુઈટી ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે ઠેકેદાર મારફતે રાખવામાં આવેલા શ્રમિકો માટે મુખ્ય કંપની માત્ર ત્યારે જ જવાબદાર ઠરી શકે જ્યારે તેમની વચ્ચે કોઈ સીધો સત્તાવાર કરાર કે સંબંધ સાબિત થાય. અદાલતે કાયદાકીય મર્યાદા રેખાંકિત કરતાં નોંધ્યું:

"પેમેન્ટ ઓફ ગ્રેચ્યુઈટી એક્ટ હેઠળ કંટ્રોલિંગ ઓથોરિટી પાસે માત્ર ગ્રેચ્યુઈટીની રકમની ગણતરી કરવાનો અધિકાર છે. વાસ્તવિક માલિક કે સાચો નિયોક્તા કોણ છે તે નક્કી કરવાની સત્તા ઓથોરિટી પાસે નથી."

આ સાથે સર્વોચ્ચ અદાલતે માનવીય અભિગમ દાખવતા એ



પણ સ્પષ્ટ કર્યું કે જે કર્મચારીઓને અગાઉના આદેશ હેઠળ ગ્રેચ્યુઈટીની રકમ મળી ચૂકી છે, તેમની પાસેથી કોઈપણ પ્રકારની નાણાં પાછા લેવાની કાર્યવાહી કરવામાં આવશે નહીં.

ભારતમાં ગ્રેચ્યુઈટીની ચૂકવણી 'પેમેન્ટ ઓફ ગ્રેચ્યુઈટી એક્ટ ૧૯૭૨' હેઠળ નિયંત્રિત થાય છે.

આ કંપની અથવા માલિક તરફથી પોતાના કર્મચારીઓને તેમની લાંબી સેવાઓના બદલામાં મળતો એક આર્થિક લાભ છે. આ કાયદો એ તમામ કંપનીઓ, ફેક્ટરીઓ, દુકાનો કે સંસ્થાનો પર લાગુ પડે છે જ્યાં છેલ્લા ૧૨ મહિનામાં કોઈપણ એક દિવસે ૧૦ કે તેથી વધુ કર્મચારીઓએ કામ કર્યું હોય. સામાન્ય નિયમ મુજબ કર્મચારીએ એક જ કંપનીમાં ઓછામાં ઓછી ૫ વર્ષની સતત નોકરી પૂર્ણ કરવી ફરજિયાત છે. નિયમમાં એવી પણ જોગવાઈ છે કે જો કોઈ કર્મચારીએ ૫મા વર્ષ દરમિયાન ૨૪૦ દિવસ કામ કરી લીધું હોય, તો તે ગ્રેચ્યુઈટી માટે હકદાર ગણાય છે.

નવા લેબર કોડ અનુસાર, ફિક્સ્ડ-ટર્મ કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓ માટે નિયમો હળવા કરવામાં આવ્યા છે અને તેઓ હવે માત્ર ૧ વર્ષની સેવા બાદ પણ પ્રમાણસર ધોરણે ગ્રેચ્યુઈટી મેળવવાના હકદાર બને છે. બીજી તરફ, જો કોઈ કર્મચારીને કંપનીની સંપત્તિને ઈરાદાપૂર્વક નુકસાન પહોંચાડવા, ચોરી, છેતરપિંડી કે કાર્યસ્થળ પર હિંસા/તોફાન તેમજ ગંભીર ગેરવર્તણૂકના કારણે નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો હોય, તો નિયોક્તાને તેની ગ્રેચ્યુઈટી સંપૂર્ણપણે અથવા આંશિક રીતે રોકી લેવાનો કાનૂની અધિકાર રહે છે.

**વર્તમાન પ્રવાહ**

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**

**સંજય તાડા - 99244 66899 / સુરેશ ઉમતિયા - 98259 89444**

### હરિયાણા ટોચ પર

# ગેરકાયદેસર લિંગ પરીક્ષણ મામલે ગુજરાત દેશમાં બીજા ક્રમે

## છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન હરિયાણામાં ૧૦૮ કેસ નોંધાયા છે, જ્યારે ગુજરાતમાં ૨૮ કેસ સામે આવ્યા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૨૨**

બેટી બચાવોના નારા વચ્ચે ગુજરાતમાંથી ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. ગેરકાયદેસર લિંગ પરીક્ષણમાં રાજ્ય દેશમાં બીજા ક્રમે હોવાનો ઘટસ્ફોટ થયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયનો અહેવાલ અને આંકડાકેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સત્તાવાર આંકડાઓ અનુસાર, ગેરકાયદેસર લિંગ પરીક્ષણના મામલામાં હરિયાણા દેશમાં પ્રથમ ક્રમે છે, જ્યારે ગુજરાત આ યાદીમાં બીજા ક્રમે રહ્યું છે. છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન હરિયાણામાં ૧૦૮ કેસ નોંધાયા છે, જ્યારે ગુજરાતમાં ૨૮ કેસ સામે આવ્યા છે. આ ઉપરાંત રાજસ્થાનમાં ૧૧, તમિલનાડુમાં ૧૦, દિલ્હીમાં ૯, કર્ણાટકમાં ૮, પંજાબમાં ૩ અને મહારાષ્ટ્રમાં ૧ કેસ નોંધાયો છે. આ સ્થિતિ ગુજરાતમાં કાયદાના અમલીકરણ અને સામાજિક માનસિકતા સામે ગંભીર સવાલો ઊભા કરે છે. અલ્ટ્રાસાઉન્ડ મશીનોનો દુરુપયોગ અને કાયદાની સ્થિતિગર્ભસ્થ શિશુના




સ્વાસ્થ્યની તપાસ માટેના અલ્ટ્રાસાઉન્ડ મશીનોનો પાછલા બારણે ગેરકાયદેસર ઉપયોગ થઈ રહ્યો છે. કાયદાકીય રીતે ગર્ભનું લિંગ જાહેર કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ હોવા છતાં, કેટલાક લાલચુ તબીબો અને લેબ સંચાલકો લાખો રૂપિયા કમાવવા માટે આ કાળો કારોબાર ચલાવી રહ્યા છે.

દેશમાં પીપીએનડીટી એક્ટ અમલમાં હોવા છતાં વાસ્તવિક ચિત્ર ખૂબ જ ભયાવહ છે. કેરળ, આસામ, હિમાચલ, ગોવા, છત્તીસગઢ, ઉત્તરાખંડ, પુડુચેરી, ચંડીગઢ, મધ્ય પ્રદેશ, મિઝોરમ, ઓડિસા, નાગાલેન્ડ, સિક્કિમ, કાશ્મીર, અરુણાચલ પ્રદેશ અને મેઘાલય જેવા રાજ્યોમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગેરકાયદેસર લિંગ પરીક્ષણનો એક પણ કેસ નોંધાયો નથી.

### દેશમાં પીપીએનડીટી એક્ટ અમલમાં હોવા છતાં વાસ્તવિક ચિત્ર ખૂબ જ ભયાવહ

નિષ્ણાતોની ચેતવણી અને ભવિષ્યની ચિંતાઓએક તરફ સરકાર દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ કાયદાના લીરેલીરા ઉડતા જોવા મળે છે. નિષ્ણાતોના મતે, જો સમય રહેતા ગેરકાયદેસર સોનોગ્રાફી સેન્ટરો પર કડક સર્વેલન્સ અને દરોડા પાડવામાં નહીં આવે, તો રાજ્યમાં જાતિગત સંતુલન ગંભીર રીતે ખોરવાઈ શકે છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દીવઃ ૨૪ કલાકની અંદર...**

સ્નેપચેટ દ્વારા ઉત્પીડન સંબંધિત કથિત વિવાદને કારણે થઈ હતી. ત્યારબાદ બાતમીદારે કેવલ લખનોત્રાનો સંપર્ક કર્યો, જેમણે તેને વણાંકબારામાં મહેશ્વરી હોટેલ નજીક મીટિંગ માટે બોલાવ્યો હતો.

મીટિંગ દરમિયાન, કેવલ લખનોત્રાએ તેના સાથીઓ મિરાજ લખનોત્રા અને અજય લખનોત્રા સાથે મળીને બાતમીદાર પર હુમલો કર્યો હતો અને મિરાજ લખનોત્રાએ બાતમીદારના પેટ પર છરીનો ઘા માર્યો હતો, જેના કારણે તેને ગંભીર ઈજાઓ થઈ હતી. ત્યારબાદ આરોપીઓ ઘટનાસ્થળેથી ભાગી ગયા હોવાનો આરોપ છે. આ ઘટના બાતમીદારના સાળાની હાજરીમાં બની હોવાનું કહેવાય છે, જે તેની સાથે નજીકમાં હતો. ઘાયલ વ્યક્તિ હાલમાં ઉનાની મહેતા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેની હાલત સ્થિર છે.

ફરિયાદ અને પ્રાથમિક તપાસ દરમિયાન બહાર આવેલા તથ્યોના આધારે, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૦૯(૧), ૧૧૮(૨), ૬૧(૨) અને ૩(૫) હેઠળ એફઆઈઆર નંબર ૧૨/૨૦૨૬ હેઠળ ગુનો કોસ્ટલ પોલીસ સ્ટેશન, વણાંકબારા, દીવ ખાતે નોંધવામાં આવ્યો છે. કેસની તપાસ કોસ્ટલ પોલીસ સ્ટેશન, વણાંકબારા, LPSI ભાવિની હળપતિને સોંપવામાં આવી હતી.

તપાસ દરમિયાન, પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને ઘટનામાં સંડોવાયેલા તમામ આરોપીઓની ઓળખ કરી ૨૪ કલાકની અંદર તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. હુમલા પાછળના સંપૂર્ણ સંજોગો શોધવા, દરેક આરોપીની ચોક્કસ ભૂમિકા નક્કી કરવા અને અન્ય સંબંધિત પુરાવા એકત્રિત કરવા માટે વધુ તપાસ ચાલુ છે.

પૂછપરછ દરમિયાન, આરોપીએ ગુનામાં પોતાની સંડોવણી કબૂલી હતી અને ૨૧/૦૯/૨૦૨૬ના રોજ તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે ત્રણેય આરોપી (૧) કેવલ રામભાઈ લખનોત્રા, ઉંમર- ૨૪ વર્ષ, રહે. તાડ, વાડીવિસ્તાર, તા. ઉના, જિ. ગીર-સોમનાથ (૨) મિરાજ ભૂપત લખનોત્રા, ઉંમર- ૨૨ વર્ષ, રહે. તાડ, વાડીવિસ્તાર, તા. ઉના, જિ. ગીર-સોમનાથ અને (૩) અજય વાજસુર લખનોત્રા, ઉંમર- ૨૨ વર્ષ, રહે. તાડ, વાડીવિસ્તાર, તા. ઉના, જિ. ગીર-સોમનાથને માનનીય કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતો, જ્યાંથી ૨૫/૦૯/૨૦૨૬ સુધી પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. આ મામલે વધુ તપાસ ચાલુ છે.

વધુમાં, દીવના પોલીસ અધિક્ષકે સ્પષ્ટ કર્યું છે કે આવી પ્રવૃત્તિઓમાં સામેલ ગુનાહિત તત્ત્વો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. કોઈપણ વ્યક્તિ હિંસામાં અથવા શાંતિ અને જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડતી પ્રવૃત્તિઓમાં સામેલ જોવા મળશે તો તેની સામે કડક અને કાયદા અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

# ધરમપુર જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ખાતે ધો.૬ના નવા ગણિત પાઠ્યપુસ્તક આધારિત ત્રણ દિવસીય શિક્ષક તાલીમ કાર્યક્રમ યોજાયો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૨**

વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર ખાતે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), વલસાડના સહયોગથી બી.આર.સી. ભવન, ધરમપુર દ્વારા ધરમપુર તાલુકાના શિક્ષકો માટે તા.૧૭ થી ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન ધોરણ-૬ના નવા ગણિત પાઠ્યપુસ્તક આધારિત ત્રણ દિવસીય શિક્ષક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાલીમ દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું-૨૦૨૩ના અનુસંધાનમાં ગણિત શિક્ષણના નવા અભિગમ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નવા પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ Figure It Out, Math Talk, Try This, Explore, Puzzles, Diagrams અને Teacher's Note જેવા વિવિધ વિભાગોનો વર્ગખંડમાં અસરકારક ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે તાલીમાર્થી શિક્ષકોને પ્રાયોગિક સમજ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન ધો.૬ ના નવા ગણિત પાઠ્યપુસ્તકને અનુરૂપ વિવિધ વિષયો પર તજજ્ઞ શિક્ષકો દ્વારા માર્ગદર્શન તથા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

જીગરકુમાર એમ. કેપ્ટન, ઉચ્ચતર શિક્ષણ વિદ્યામંદિર હેટી પ્રાથમિક શાળા, તિસ્કરી તલાટ દ્વારા પેટર્ન, રેખાઓ અને ખૂણા તથા સંખ્યાની રમતો વિષય પર પ્રવૃત્તિ આધારિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હિતેશકુમાર પટેલ, ઉચ્ચતર શિક્ષણ જામલિયા પ્રાથમિક શાળા દ્વારા NCF-SE ૨૦૨૩ મુજબના ગણિત શિક્ષણના અભિગમ અને પેડાગોજિકલ ઘટકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કિરણ પટેલ, જામનપાડા વર્ગ શાળા દ્વારા માહિતીનું સંચાલન અને રજૂઆત, પરિમિતિ અને ક્ષેત્રફળ તથા સમમિતિ જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રજ્ઞેશ ડી. રાઠોડ, જિલ્લા વિજ્ઞાન અધિકારી, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM) ઉભરતા ભારત માટેની ડિજિટલ આધારિત અને સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા ૨૦૨૬-૨૭ અંગે નોંધણી પ્રક્રિયા, પરીક્ષાની રચના, સમયપત્રક, ભાસ્કર શિષ્યવૃત્તિ, સૃજન ઈન્ટર્નશિપ તથા રાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધ વિવિધ તકો અંગે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત બ્રહ્માસ ટાવર, નેપિયર પટી અને સ્કવેર પઝલ જેવી પ્રવૃત્તિઓ દ્વારા ઘાતાંક, પેટર્ન, ગુણાકાર, સંખ્યાઓની ગોઠવણી, ક્ષેત્રફળ, પરિમિતિ અને તાર્કિક વિચારશક્તિ જેવા ગણિતીય ખ્યાલોને પ્રવૃત્તિ આધારિત રીતે સમજાવવામાં આવ્યા હતા. તાલીમાર્થીઓએ જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના પઝલ કોર્નરમાં વિવિધ કોયડાઓ ઉકેલી તર્કશક્તિ, અવલોકનશક્તિ અને સમસ્યા ઉકેલવાની ક્ષમતાનો વિકાસ કરવાનો અનુભવ મેળવ્યો હતો.

ત્રણ દિવસીય તાલીમ દરમિયાન તાલીમાર્થી શિક્ષકોને ગણિતની વિવિધ સંકલ્પનાઓને પ્રવૃત્તિ, ચર્ચા, પ્રશ્નોત્તરી, અવલોકન અને તાર્કિક વિચારસરણીના માધ્યમથી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાની વિવિધ પદ્ધતિઓ અંગે પ્રાયોગિક માર્ગદર્શન મળ્યું હતું. તજજ્ઞો સહિત કુલ ૪૨ શિક્ષકોએ તાલીમમાં ભાગ લીધો હતો.

# નાનાપોંઢાની જવાહર નવોદય વિદ્યાલયે રાષ્ટ્રીય યુવા સંસદ સ્પર્ધામાં સતત બીજા વર્ષે સિદ્ધિ મેળવી

## કલેકટર નીતિન સાંગવાને વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો કરી રાષ્ટ્રીય સ્તરના પ્રતિષ્ઠિત મંચ પર શ્રેષ્ઠ પ્રદર્શન કરવા પ્રેરિત કર્યા




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૨**

વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના અંભેટી ગામમાં આવેલી પીએમ શ્રી જવાહર નવોદય વિદ્યાલયે રાષ્ટ્રીય યુવા સંસદ સ્પર્ધામાં સતત બે વર્ષથી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી સમગ્ર વલસાડ જિલ્લા તેમજ ગુજરાત માટે ગૌરવની ક્ષણ સર્જી છે. વિદ્યાલયે ૨૬મી રાષ્ટ્રીય યુવા સંસદ સ્પર્ધા ૨૦૨૪-૨૫ બાદ ૨૭મી રાષ્ટ્રીય યુવા સંસદ સ્પર્ધા ૨૦૨૫-૨૬માં પણ પુણે ક્ષેત્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પોતાની ઉત્કૃષ્ટતાની પરંપરા જાળવી રાખી છે.

૨૬મી રાષ્ટ્રીય યુવા સંસદ સ્પર્ધા ૨૦૨૪-૨૫ દરમિયાન પીએમશ્રી જવાહર નવોદય વિદ્યાલયે પુણે ક્ષેત્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં પણ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિવિધ વ્યક્તિગત શ્રેણીઓમાં સ્થાન મેળવી વિદ્યાલયનું ગૌરવ વધાર્યું હતું. આ સફળતાના પાયામાં તત્કાલીન પ્રાચાર્ય જે. ડી. વિલિયમ્સનું માર્ગદર્શન અને નેતૃત્વ મહત્ત્વપૂર્ણ રહ્યું હતું. તેમના દિશાનિર્દેશન, સુવ્યવસ્થિત આયોજન તથા વિદ્યાર્થીઓને આપવામાં આવેલા સતત પ્રોત્સાહનથી વિદ્યાલયે રાષ્ટ્રીય યુવા સંસદના ક્ષેત્રમાં નવી ઊંચાઈ હાંસલ કરી હતી.

આ ગૌરવશાળી પરંપરાને વિદ્યાલયના વર્તમાન પ્રાચાર્ય રાજુલ શામકુવરે પોતાના અનુભવી, પરિશ્રમી તથા અસરકારક માર્ગદર્શનથી સતત આગળ ધપાવી છે. તેમના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીઓને વધુ સારી તૈયારી, અભ્યાસ, સંસદીય પ્રક્રિયાની સમજ, તાર્કિક રજૂઆત તથા અસરકારક વક્તૃત્વ માટે સતત પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવેલા પ્રેરણાદાયી સંદેશ અને શુભેચ્છાઓએ વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો કરી તેમને રાષ્ટ્રીય સ્તરના પ્રતિષ્ઠિત મંચ પર શ્રેષ્ઠ પ્રદર્શન કરવા પ્રેરિત કર્યા છે. તદુપરાંત, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ડૉ. રાજશ્રી ટંડેલનું શૈક્ષણિક દિશાનિર્દેશન, માર્ગદર્શન તથા પ્રોત્સાહન પણ આ સફળતામાં મહત્વપૂર્ણ રહ્યું છે. તેમના માર્ગદર્શનથી વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક શિક્ષકોને સતત પ્રેરણા મળી છે.

આ ગૌરવશાળી સફળતાનો વધુ એક અધ્યાય ૨૭મી રાષ્ટ્રીય યુવા સંસદ સ્પર્ધા ૨૦૨૫-૨૬માં લખાયો છે. સત્તાવાર પરિણામ અનુસાર, પીએમશ્રી જવાહર નવોદય વિદ્યાલય, વલસાડે ફરી એકવાર પુણે ક્ષેત્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે તેમજ મેરિટ ટ્રોફી માટે પસંદગી મેળવી છે.

# જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને નવસારી ગ્રામ્યનો તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો

## નેશનલ હાઈવે-૪૮ સહિત વિવિધ વિભાગોના કુલ ૦૯ પ્રશ્નો રજૂ થયા : તમામ પ્રશ્નોના હકારાત્મક નિકાલ માટે સૂચના



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૨**

લોકોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. જેના ભાગરૂપે આજરોજ નવસારી ગ્રામ્યનો તાલુકા સ્વાગત કાર્યક્રમ જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમમાં તાલુકાના અરજદારો દ્વારા વિવિધ સરકારી વિભાગોને લગતા પ્રશ્નો અને રજૂઆતો રજૂ કરવામાં આવી હતી.

તાલુકા સ્વાગત કાર્યક્રમ દરમિયાન અરજદારો દ્વારા નેશનલ હાઈવે નં. ૪૮, ડ્રેનેજ વિભાગ, માર્ગ અને મકાન પેટા વિભાગ, ડિજિવીસીએલ, પાણી પુરવઠા સહિતના વિવિધ વિભાગોને લગતા કુલ ૦૯ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેક્ટરશ્રીએ અરજદારોની રજૂઆતો તથા પ્રશ્નોને વિગતવાર સાંભળી સંબંધિત અધિકારીઓ પાસેથી જરૂરી વિગતો મેળવી હતી. રજૂ થયેલા તમામ પ્રશ્નોના હકારાત્મક નિકાલ માટે જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાનીએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રજૂ થતા અરજદારોના પ્રશ્નોને સંબંધિત અધિકારીઓએ ગંભીરતાપૂર્વક લઈને તેના નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવાની સુચના આપી હતી. જે પ્રશ્નો જિલ્લા કક્ષાના હોય તેવા પ્રશ્નોને સંબંધિત જિલ્લા કક્ષાના અધિકારીઓના ધ્યાને લાવી સંકલનપૂર્વક અને સમયસર નિકાલ કરવાની તાકીદ કરી હતી.

કલેક્ટરશ્રીએ અધિકારીઓને અરજદારોની રજૂઆતો પ્રત્યે સંવેદનશીલ અભિગમ રાખી, પ્રશ્નોના નિકાલમાં કોઈ વિલંબ ન થાય તે માટેની કાર્યવાહી કરાવા જણાવ્યું હતું.

બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી નેહાબેન સવાણી,મામલતદાર શ્રી આર. બી. જાદવ સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ તેમજ અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડના હાલર ખાતે ગણેશ ઉત્સવ નિમિત્તે રક્તદાન શિબિર યોજાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૨**

ગણેશ ઉત્સવની ઉજવણી સાથે માનવસેવાનો ઉમદા સંદેશ આપવાના હેતુથી વલસાડ અનાવિલ પરિવાર, મિલર ગ્રુપ-હાલર તથા લાયન્સ ક્લબ ઓફ વલસાડ તિથલ રોડના સંયુક્ત ઉપક્રમે અંકુર એપાર્ટમેન્ટ, વશી ફળિયા, હાલર, વલસાડ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

રક્તદાન શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે ધારાસભ્ય ભરતભાઈ પટેલ, વલસાડ સિટી પી.આઈ. આર.એચ. વાળા અને અનાવિલ પરિવાર વલસાડના પ્રમુખ ભીખુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. રક્તદાન શિબિરમાં કુલ ૮૩ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. રક્તદાન કરનાર તમામ રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે આયોજકો દ્વારા દરેક રક્તદાતાને ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ રક્તદાનના મહત્વ અંગે જણાવ્યું હતું કે, એક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલું રક્તદાન કોઈ જરૂરિયાતમંદ દર્દીના જીવનને બચાવવામાં મહત્વપૂર્ણ બની શકે છે. ગણેશ ઉત્સવની ઉજવણી સાથે માનવસેવાને જોડતી આ પહેલને સમાજમાંથી સારો પ્રતિસાદ મળ્યો હતો. આયોજક સંસ્થાઓ દ્વારા શિબિરને સફળ બનાવવા બદલ તમામ રક્તદાતાઓ, મહાનુભાવો, અનાવિલ પરિવારના સભ્યો, યુવાનો, સહયોગીઓ અને સેવાભાવી કાર્યકરોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## પારડીની સરકારી વિજ્ઞાન કોલેજમાં

# "ટ્રાન્સફોર્મિંગ એજ્યુકેશન થ્રૂ એ.આઈ એન્ડ ઈન્નોવેશન" અંગે વર્કશોપ યોજાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૨**

પારડીની સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા એસ.ક્યુ.એ.સી. ના ઉપક્રમે "ટ્રાન્સફોર્મિંગ એજ્યુકેશન થ્રૂ એ.આઈ. એન્ડ ઈન્નોવેશન" શીર્ષક હેઠળ એક વિશેષ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દિલીપકુમાર રાણા (કમિશનર, ઉચ્ચ અને તકનીકી શિક્ષણ તથા સી.ઈ.ઓ., નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત, ગુજરાત સરકાર)ના હેઠળ અને ગવર્મેન્ટ સાયન્સ કોલેજ, પારડીના આચાર્ય ડૉ. હેતલ ટંડેલ અને એસ.ક્યુ.એ.સી કોર્ડીનેટર ડૉ. કુણાલ સેઠના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. આ સમગ્ર એક દિવસીય શૈક્ષણિક કાર્યક્રમમાં બે મુખ્ય સત્રો યોજાયા હતા.

સત્ર ૧માં આત્મિય યુનિવર્સિટી, રાજકોટના કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સહાયક પ્રાધ્યાપક ડૉ. પ્રકાશ ગુજરાતી દ્વારા "એઆઈ ફોર ટ્રાન્સફોર્મેટિવ એજ્યુકેશન: ઈનોવેશન, સિમ્યુલેશન એન્ડ ઈન્ટેલિજન્ટ લર્નિંગ" વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સત્ર ૨માં આત્મિય યુનિવર્સિટી, રાજકોટના સેન્ટર ફોર ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટના ડિરેક્ટર ડૉ.રવિ એસ. ટંક દ્વારા "ફ્રોમ ટીચિંગ ટુ ટ્રાન્સફોર્મેશન" એક્સેલન્સ ઈન લર્નિંગ, ઈનોવેશન એન્ડ નાક રેડીનેસ" વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. પ્રમાણપત્ર વિતરણ સાથે કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આયોજક અને સલાહકાર સમિતિના સહયોગથી વર્કશોપ ખૂબ જ ફળદાયી નીવડ્યો હતો.

# વોક ટુ ગેધર્સ નાનીવહીયાળ હાઈસ્કૂલ જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં અવ્વલ નંબરે આવી: હવે રાજ્ય કક્ષાએ ભાગ લેશે



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી,તા.૨૨**

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત તેમજ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વલસાડ અને જિલ્લા શિક્ષણાધિકારી, વલસાડ દ્વારા સંચાલિત વલસાડ જિલ્લાની એસ.જી.એફ.આઈ. શાળાકીય અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ એથ્લેટિક્સ સ્પર્ધાઓ તા. ૧૮ અને ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન એમ.એમ. હાઈસ્કૂલ, ઉમરગામ ખાતે યોજાઈ હતી.

આ સ્પર્ધાઓમાં વોક ટુ ગેધર્સ શ્રી ઉમેદભાઈ દોશી સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, નાનીવહીયાળ (તા. ધરમપુર)ના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને સમગ્ર જિલ્લામાં શાળાનું નામ રોશન કર્યું છે.

શાળાના ખેલાડીઓએ વિવિધ એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં કુલ ૨૧ પ્રથમ ક્રમ, ૫ દ્વિતીય ક્રમ અને ૫ તૃતીય ક્રમ મેળવી જિલ્લા કક્ષાએ સર્વોત્તમ પ્રદર્શન નોંધાવ્યું છે.અંડર-૧૭ ભાઈઓ વિભાગમાં ચેતનભાઈ ભરતભાઈ નિશાળે ચક્રફેક, ઉદય ભાવુભાઈ જાદવે ૧૫૦૦ મીટર દોડ, અંકિત શાળીરામ ચૌધરીએ લાંબીકૂદ અને ૪૦૦ મીટર હર્ડલ્સ, પ્રિન્સ જયસુખ બારીયાએ ૩૦૦૦ મીટર દોડ તથા પ્રીતેશ જાદવે વાંસકૂદમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

અંડર-૧૭ બહેનો વિભાગમાં છાયાબેન અશોકભાઈ બિરારીએ ૩૦૦૦ મીટર અને ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે રોશનીબેન રાજુભાઈ ખાંડવીએ વાંસકૂદ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો.

અંડર-૧૯ ભાઈઓ વિભાગમાં જાદવ સાહિલે લાંગડી ફાળ અને બરછી ફેંક, પાલવા રાહુલે ૩૦૦૦ મીટર દોડ અને ક્રોસ કન્ટ્રી, હર્ષદભાઈ ભરતભાઈ ચૌધરીએ ૫૦૦૦ મીટર જલદચાલ તથા માયકલ બાગુલે વાંસકૂદમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

અંડર-૧૯ બહેનો વિભાગમાં અશ્વિનીબેન ઉમેશભાઈ સવરાએ ૩૦૦૦ મીટર દોડ અને ક્રોસ કન્ટ્રી દોડ, જીનલબેન લક્ષીભાઈ ગાયકવાડે ત્રિપલ જમ્પ અને વાંસકૂદ તેમજ પ્રિયાંશીબેન ઈશ્વરભાઈ કોદીયાએ ૮૦૦ મીટર અને ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

આ ઉપરાંત પાંચ સ્પર્ધાઓમાં દ્વિતીય ક્રમ અને પાંચ સ્પર્ધાઓમાં તૃતીય ક્રમ મેળવી ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર ખેલાડીઓ હવે રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

આ સિદ્ધિ બદલ શાળાના આચાર્યશ્રી, નાનાપોઢા તાલુકાના પ્રભારી તથા પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય શ્રી શૈલેશકુમાર આર. પટેલ, દક્ષિણ ગુજરાત પછાત વર્ગ સેવા મંડળ, સુરતના પ્રમુખ શ્રી નિષિથભાઈ એસ. દેસાઈ, મંત્રી શ્રી દત્તેશભાઈ ભટ્ટ, સહમંત્રી શ્રીમતી કાંતાબેન પટેલ, વાલી મંડળના પ્રમુખ શ્રી દિલીપભાઈ, ઉપપ્રમુખ શ્રી કમલેશભાઈ પટેલે વિજેતા ખેલાડીઓ, વ્યાયામ શિક્ષિકા શ્રીમતી અમિતાબેન ગામીત અને ટ્રેનર શ્રી વિજયકુમાર વાણીને અભિનંદન પાઠવી રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ માટે વિજેતા થવા શુભેચ્છાઓ પાઠવી હતી.

# વલસાડની સર્વોદય હાઈસ્કૂલ સેગવી ખાતે "મારા સપનાનું ભારત" વિષય પર વિવિધ સ્પર્ધા અને ચિત્ર પ્રદર્શન યોજાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૨**

વલસાડની સર્વોદય હાઈસ્કૂલ સેગવી ખાતે વિકસિત ભારત ૨૦૪૭ અંતર્ગત "મારા સપનાનું ભારત" વિષય પર ચિત્ર સ્પર્ધા, ચિત્ર પ્રદર્શન અને વકતૃત્વ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને પોતાની કલાત્મક અને વૈચારિક ક્ષમતા રજૂ કરી હતી.

કાર્યક્રમના મુખ્ય મહેમાન અને ઉદ્ઘાટક તરીકે સેગવી વિભાગ કેળવણી મંડળના પ્રમુખ તથા જિલ્લા સંગઠનના ઉપપ્રમુખ તન્વીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ચિત્ર પ્રદર્શનનું ઉદ્ઘાટન કરી વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને બિરદાવી હતી જણાવ્યું કે, ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણમાં વિદ્યાર્થીઓનો ફાળો મહત્વનો રહેશે.

આ પ્રસંગે શાળાના આચાર્યા ઉન્નતિ દેસાઈએ ઉપસ્થિત તમામ અતિથિઓનું સ્વાગત કર્યું હતું અને કાર્યક્રમની રૂપરેખા આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, શાળાના જાગૃત વાલીમંડળના સભ્યો અને ઉત્સાહી વાલીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. ચિત્ર સ્પર્ધામાં શાળાના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમાંક ક્રિસ્ટી ટંડેલ (ધો. ૧૦), દ્વિતીય ક્રમાંક અંશ પટેલ (ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહ), તૃતીય ક્રમાંક પંથી પટેલ (ધો. ૧૦) જ્યારે વક્તૃત્વ સ્પર્ધામાં શાળાના ૬૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઈને પોતાના પ્રભાવશાળી વિચારો વ્યક્ત કર્યા હતા. જેમાં માધ્યમિક વિભાગમાં પ્રથમ ક્રમે ખુશી પટેલ (ધો.૧૦) અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ ક્રમે હીર પટેલ (ધો. ૧૨ સામાન્ય પ્રવાહ) વિજેતા થઈ હતી. શાળા પરિવાર, શિક્ષકગણ, મંડળના સભ્યો, વાલીમંડળ અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં આ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહપૂર્વક અને સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા તથા આચાર્યા ઉન્નતિ દેસાઈ દ્વારા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# વલસાડ જિલ્લાના અનુસૂચિત જાતિના ખેડૂતોને પ્રોત્સાહક યોજના અંગે અરજી કરવા પોર્ટલ ખુલ્લું મુકાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૨**

વલસાડ જિલ્લાના ખેડૂતોને ખેતીવાડી ખાતાના "શેરડી પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા અનુસૂચિત જાતિ(SC)ના ખેડૂતોને પ્રોત્સાહક સહાય" યોજના અંતર્ગત ઓનલાઈન અરજીઓ મેળવવા I-khedut પોર્ટલ ૨.૦ મારફત તારીખ ૧૫/૦૯/૨૦૨૬ થી એક માસ માટે ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલ્લું મુકવામાં આવેલું છે. જે ધ્યાને લઈ જિલ્લાના અનુસૂચિત જાતિના ખેડૂતો આ યોજનામાં લાભ મેળવવા માંગતા હોય તો ઓનલાઈન અરજી કરી, અરજીની નકલ જરૂરી સાધનિક કાગળો સાથે જિલ્લા ખેતીવાડી કચેરી ખાતે રજુ કરવાની રહેશે. જે મુજબ ખેડૂતોને લાભ લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા સંદેશ પાઠવવામાં આવ્યો છે.

# વિચાર સમૃદ્ધિ નહિ, આચાર સમૃદ્ધિ જ જીવન સુખમય બનાવે છે: પૂજ્ય વિજય પુણ્યરક્ષિતસૂરિજી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૨**

જીવનને સમૃદ્ધ બનાવવા માટે માત્ર વિચારો કે શબ્દોની સમૃદ્ધિ પૂરતી નથી, પરતુ જીવનમાં આચાર સમૃદ્ધિ હોવી અત્યંત જરૂરી છે. આચારપાલન એ સમગ્ર જીવનનો સાચો આધાર છે. આ પ્રેરણાદાયી વિચારો સુરતના પાર્લે પોઈન્ટ સ્થિત વિજયરામચંદ્રસૂરિ આરાધના ભવન ખાતે જૈનાચાર્ય વિજય પુણ્યરક્ષિતસૂરિજી મહારાજે વ્યાખ્યાન આપતાં વ્યક્ત કર્યા હતા.

અકબર બાદશાહને પ્રતિબોધ આપનાર અને 'જગદગુરુ'નું બિરુદ પામેલા જૈનાચાર્યશ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજની ૪૩૦મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે આયોજિત ગુણાનુવાદ પ્રવચન સભામાં આચાર્યશ્રીએ ઉપદેશ આપ્યો હતો. પૂજ્યશ્રીએ જગદગુરુ વિજયહીરસૂરિજીના જીવનચરિત્ર પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, તેઓ જૈન શાસનના સૂર્ય સમાન તેજસ્વી અને પ્રભાવશાળી આચાર્ય હતા. તેમણે પોતાના ઉત્કૃષ્ટ સાધુજીવન અને આચારપાલન દ્વારા અકબર બાદશાહના હૃદયને પણ સ્પર્શી લીધું હતું. તેમના જ પ્રભાવથી બાદશાહે પોતાના સામ્રાજ્યમાં ૬ મહિના સુધી અહિંસા પ્રવર્તનનો આદેશ આપ્યો હતો.

જગદગુરુશ્રીના કઠોર તપ, સંયમ અને ૫૦ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવો જેવા શાસન-ભાવક કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ સમૂહ સામાયિકની આરાધના કરી હતી. કાર્યક્રમના અંતે ગુરૂભક્ત પરિવાર તરફથી વિશિષ્ટ સંઘપૂજનનો લાભ લેવાયો હતો.

# વર્તમાન પ્રવાહ
## તંત્રી લેખ

# દેશમાં મોંઘવારીનું ચિત્ર ભારે ચિંતાજનક

## યુપીઆઈથી ચૂકવણાં પર ફીની વસૂલાતનાં પગલાંથી પણ આડતકરી રીતે મોંઘવારીમાં વધારો થવાની પૂરેપુરી સંભાવના

**ભા**રે ઝડપભેર વિકાસ સાધી રહેલા ભારતનાં અર્થતંત્રની સામે મોંઘવારી એક મોટો અંતરાય બની રહી છે. દેશનો વિકાસદર ૬.૮ ટકાને આંબી રહ્યાના અહેવાલો વચ્ચે ગયા મહિને છૂટક મોંઘવારીનો દર વધ્યો હોવાના આંકડા સામાન્ય નાગરિકોની ઉપરના બોજાની ચિંતાજનક પ્રતીતિ કરાવે છે. ગયા મહિના દરમ્યાન છૂટક મોંઘવારીનો દર શહેરી વિસ્તારોમાં ૪.૩૧ ટકા અને ગ્રામીણ વિસ્તારોમાં ૫.૨૩ ટકા નોંધાયો હતો. સ્વાભાવિક મોંઘવારીનો આ દર સામાન્ય નાગરિકથી માંડીને સરકાર સુધી સૌ કોઈની માટે પડકારભર્યો બની રહ્યો છે. હાલત એવી કપરી થઈ રહી છે કે, સામાન્ય પરિવારો માટે રોજબરોજની વપરાશની વસ્તુઓના ભાવ સતત વધી રહ્યા છે. જુલાઈ મહિનામાં ડુંગળીના ભાવોમાં મોંઘવારીનો દર ૨૨.૫૪ ટકા હતો, જે ઓગસ્ટમાં ઊછળીને ૪૮.૨૭ ટકા થઈ ગયો છે. આના લીધે ડુંગળી હવે સમાન્ય લોકોની રસોઈમાંથી અદૃશ્ય બની રહી છે. આવી જ હાલત લસણ અને આદુની થઈ રહી છે. સ્વાભાવિક છે કે, મોંઘવારીનાં પ્રમાણમાં આવકનો વધારો ધીમો હોય તો ઘરનાં બજેટને સંભાળવાનું મુશ્કેલ બની રહેતું હોય છે. આમ તો આવતા મહિને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) નવી નાણાકીય નીતિ માટે મંથન કરશે, ત્યારે મોંઘવારીના દરને અનુરૂપ વ્યાજના દર કરવા પર નિર્ણય લેવાશે. આરબીઆઈ મોંઘવારીના દરને ધ્યાને લઈને વ્યાજના દર નક્કી કરશે એટલે તેની અસર સ્વાભાવિક રીતે ઘરનાં બજેટથી આગળ વધીને મોટી કંપનીઓ અને વેપારીઓનાં બજેટ સુધી વિસ્તરશે. વ્યાજના દર વધે તો દેશનાં અર્થતંત્ર પર તેનો ઓછાયો પડી શકે તેમ છે. આવામાં સવાલ એ છે કે, સરકાર મોંઘવારીને કાબૂમાં લેવાના દાવા કરતી હોવા છતાં ભાવવધારો બેરોકટોક વધતો રહ્યો છે. ખરેખર તો સરકારે મોંઘવારીની આગ લાગે ત્યારે કૂવો ખોદવાની વિચારધારાને તિલાંજલિ આપીને લાંબાગાળાનાં પગલાં લેવા પર ધ્યાન આપવું જોઈએ.

> **સરકારે મોંઘવારીની આગ લાગે ત્યારે જ કૂવો ખોદવાની વિચારધારાને તિલાંજલિ આપીને લાંબાગાળાનાં પગલાં લેવા પર ધ્યાન આપવું જોઈએ**

સરકારે આંકડા વિભાગ દ્વારા મોંઘવારીના જે નવા આંકડા જાહેર કર્યા છે તે તમામ ક્ષેત્રોનું પ્રતિબિંબ પાડે છે. ખાસ તો ખાતર, ઈંધણ અને બાંધકામની વસ્તુઓ સ્ટીલ, ઈંટ, રેતી, સિમેન્ટના ભાવો વધતાં દેશમાં મોંઘવારીનું ચિત્ર ભારે ચિંતાજનક બન્યું છે. ઓગસ્ટમાં મોંઘવારીનો જથ્થાબંધ ભાવાંક વધીને ૯.૯૨ ટકાએ અને છૂટક મોંઘવારી ૪.૮૨ ટકાએ પહોંચી છે. જુલાઈ મહિનામાં આ આંક અનુક્રમે ૯.૭૮ અને ૪.૪૫ ટકા હતો. આમ મોંઘવારી ધીમી પણ ચિંતાજનક ઝડપે વધી રહી છે. આ ઓછું હોય તેમ હવે યુપીઆઈથી ચૂકવણાં પર ફીની વસૂલાતનાં પગલાંથી પણ આડતકરી રીતે મોંઘવારીમાં વધારો થવાની પૂરેપુરી સંભાવના છે. આમ તો યુપીઆઈની ફી સીધી રીતે ગ્રાહકોને ચૂકવવાની રહેશે નહીં એવું જણાવાયું છે, બીજી બાજુ વેપારીઓ પણ સ્પષ્ટતા કરી રહ્યા છે કે, અમે યુપીઆઈ ફી કેવી રીતે ભરીએ, અમે તો ગ્રાહકો પાસેથી જ વસૂલ કરીશું. હકીકત પણ એજ બનશે કે નાણાં સ્વીકારનારને જે ફી ભરવી પડશે જે આડકતરી રીતે તો ગ્રાહકોને જ ભોગવવી પડશે. સરકારે હવે ખાદ્ય વસ્તુઓના પુરવઠાને વ્યવસ્થિત રાખવાની સાથોસાથ કાળાબજારી અને સંગ્રહખોરીની સામે કાયમી ઉપાયો પર ધ્યાન આપવાની ખાસ જરૂરત છે. મોંઘવારી વધે ત્યારે જાગતા સરકારી તંત્રોએ સતત સાબદા રહીને સામાન્ય માનવી પરના બોજાને હળવો બનાવવાનાં પગલાં પર સતત ધ્યાન આપવું પડશે.

# બ્રહ્મવૈવર્ત પુરાણાનુસાર ગણેશ પ્રાગટ્યની પૌરાણિક મહાકથા

**સ**નાતન ધર્મમાં ભગવાન શ્રી ગણેશજીને વિઘ્નહર્તા, બુદ્ધિદાતા અને પ્રથમપૂજ્ય દેવ તરીકે ઉચ્ચ આસન પ્રાપ્ત છે. સામાન્ય રીતે લોકમાનસમાં ભગવાન શિવ દ્વારા પાર્વતીજીના શારીરિક મૃત્તિકા/ઉબટનમાંથી બનેલા બાલગણેશનું મસ્તક કાપવાની અને ત્યારબાદ હાથીનું મસ્તક જોડવાની 'શિવ પુરાણ'ની કથા વધુ પ્રચલિત છે પરંતુ વેદપુરાણોના અગાધ સાગરમાં વિવિધ પુરાણોમાં વિવિધ ઘટનાઓનો ભિન્ન શાસ્ત્રીય સંદર્ભ મળે છે.

**બ્રહ્મવૈવર્ત પુરાણ ગણપતિ ખંડ અધ્યાય:** ૧૧ થી ૧૩માં ગણેશજીના પ્રાગટ્ય, શનિદેવની ક્રૂર દ્રષ્ટિથી મસ્તકનું ગોલોક ગમન અને ભગવાન શ્રીહરિ વિષ્ણુ દ્વારા ગજાનન સ્વરૂપ પ્રદાન કરવાની અત્યંત અલૌકિક, રહસ્યમય અને જ્ઞાનવર્ધક કથાનું વર્ણન કરવામાં આવ્યુંછે.

**માતા પાર્વતીનું પવિત્ર 'પુણ્યક વ્રત' અને દિવ્ય બાળકનું પ્રાગટ્ય..**

બ્રહ્મવૈવર્ત પુરાણ અનુસાર માતા પાર્વતીજીને પુત્રપ્રાપ્તિની તીવ્ર અભિલાષા હતી. ભગવાન શિવજીની આજ્ઞાથી માતા પાર્વતીએ ભગવાન શ્રીહરિ વિષ્ણુને પ્રસન્ન કરવા માટે એક વર્ષ સુધી અત્યંત કઠોર 'પુણ્યક વ્રત' કર્યું. આ વ્રતના પ્રભાવથી પ્રસન્ન થઈને સ્વયં અખિલ બ્રહ્માંડના નાયક ભગવાન શ્રીકૃષ્ણ/વિષ્ણુએ બાળકનું સ્વરૂપ ધારણ કર્યું અને કૈલાશ પર માતા પાર્વતીજીના ગર્ભમાં પ્રવેશ કર્યા વિના જ બાલસ્વરૂપે પ્રગટ થયા. બાલ ગણેશનું તેજ કોટિ સૂર્યો સમાન હતું, તેમનું સ્વરૂપ અત્યંત સુંદર, સર્વલક્ષણ સંપન્ન અને દર્શનીય હતું. જ્યારે ભગવાન શિવ અને માતા પાર્વતીના ઘરમાં આ દિવ્ય બાળકનો જન્મ થયો ત્યારે સમગ્ર ત્રિલોકમાં આનંદ છવાઈ ગયો.

**કૈલાસ પર ઉત્સવ અને શનિદેવની પધરામણી..**

બાલગણેશના જન્મોત્સવના સમાચાર મળતાં જ બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્ર, સૂર્ય, વાયુ, અગ્નિ, ગંધર્વ અને ઋષિમુનિઓ સહિત તમામ દેવીદેવતાઓ કૈલાસ પર્વત પર આવ્યા હતા. તમામ દેવોએ બાળકને દિવ્ય ભેટ સોગાદો અર્પણ કરી અને આશીર્વાદ આપ્યા. આ જ સમયે સૂર્યપુત્ર શનિદેવ પણ ગણેશજીના દર્શન કરવા કૈલાસ આવ્યા પરંતુ કૈલાશ ભવનમાં પ્રવેશ્યા બાદશનિદેવે પોતાનું મસ્તક નીચું રાખીને હાથ જોડ્યા અને જમીન તરફ જોતાં જોતાં જ સંભાષણ કરવા લાગ્યા. તેઓ કોઈની પણ સામે કે બાલ ગણેશ સામે સીધી દ્રષ્ટિ કરતા નહોતા.

માતા પાર્વતીજીએ શનિદેવનું આ વિચિત્ર વર્તન જોયું એટલે તેમણે નમ્રતાપૂર્વક શનિદેવને પૂછ્યું કે 'હે શનિદેવ! આપ આપની દ્રષ્ટિ નીચી રાખીને કેમ ઊભા છો? આપ કૈલાસના ઉત્સવમાં મારા સુંદર બાળકની સામે કેમ નથી જોતા? શું આપને કોઈ દ્રષ્ટિદોષ કે નેત્રની ખામી છે?'

**શનિદેવને પત્ની દ્વારા મળેલો અમોઘ શાપ..**

માતા પાર્વતીના પ્રશ્નનો ઉત્તર આપતાં શનિદેવે અત્યંત ખેદ અને ગંભીરતાથી પોતાના ભૂતકાળની એક ગુપ્ત ઘટના જણાવતાં કહ્યું કે 'હે જગદંબા! તમામ જીવો પોતાના પૂર્વસંચિત કર્મો અનુસાર જ સુખ-દુ:ખ અને ફળ ભોગવે છે. હું આપને મારો પરમ ગોપનીય ઈતિહાસ જણાવું છું. હું બાળપણથી જ ભગવાન શ્રીકૃષ્ણનો અનન્ય ભક્ત રહ્યો છું. મારૂં ચિત્ત સદા ભગવત્ધ્યાનમાં જ લીન રહેતું હતું અને હું સંસારના ભૌતિક વિષયોથી વિરક્ત થઈ તપસ્યામાં રત રહેતો હતો.

મારા પિતા સૂર્યદેવે મારો વિવાહ ચિત્રરથ નામના ગંધર્વની પુત્રી સાથે કરાવ્યો. મારી પત્ની અત્યંત સતી, સાધ્વી, તેજસ્વી અને કઠોર તપસ્વિની નારી હતી. એક દિવસ તે ઋતુસ્નાન કરીને પુત્રપ્રાપ્તિની ઈચ્છા સાથે મારી સમક્ષ આવી પરંતુ તે સમયે હું ભગવાન શ્રીહરિના પવિત્ર ચરણારવિંદના ધ્યાનમાં એટલો ઊંડો ડૂબેલો હતો કે મને બાહ્ય જગતનું કોઈ જ્ઞાન ન હતું. મેં મારી પત્ની તરફ જોયું પણ નહીં.

પોતાનો ઋતુકાળ નિષ્ફળ જતાં અને મારો અનાદર થયો છે તેમ સમજીને મારી પત્ની ક્રોધિત થઈ ગઈ અને



પ્રાસંગિક
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫


તેણે મને શાપ આપ્યો કે 'તમે જે પણ પ્રાણી, દેવ કે વસ્તુ તરફ સીધી દ્રષ્ટિ કરશો તેનો તુરંત જ નાશ થઈ જશે અને તેનું મસ્તક ધડથી અલગ થઈ જશે.' જ્યારે હું ધ્યાનમાંથી મુક્ત થયો ત્યારે મેં મારી સતી પત્નીને શાંત કરી. તેને પણ પોતાના ક્રોધાવેશમાં આપેલા શાપ પર ભારે પશ્ચાતાપ થયો પરંતુ આપાયેલો શાપ પાછો ખેંચવો અશક્ય હતો. માતાજી! જીવહિંસાના ભયથી અને કોઈનું



અહિત ન થાય તે માટે હું સ્વાભાવિક રીતે જ મારૂં મસ્તક નીચું રાખું છું અને કોઈની સામે જોતો નથી.'

આ સાંભળીને પાર્વતીજી મુસ્કુરાયા અને તેમને લાગ્યું કે શનિદેવનો આ શાપ સામાન્ય જીવો માટે હશે પરંતુ સાક્ષાત પરબ્રહ્મ સ્વરૂપ તેમના પુત્ર પર આ શાપની કોઈ અસર નહીં થાય.

**પાર્વતીજીનો આગ્રહ અને બાળ ગણેશનું મસ્તક છેદન..**

માતા પાર્વતીએ શનિદેવને કહ્યું કે 'હે શનિદેવ! આપ કોઈ જ ભય ન રાખો. મારા બાળ ગણેશ સર્વશક્તિમાન છે. આપ આપની આંખો ઊંચી કરો અને મારા પુત્ર અને મારી સામે જુઓ, તેના મુખમંડળનું તેજ આપના તમામ દોષો અને ભયને દૂર કરશે.' શનિદેવ ગણેશજી તરફ જોવા માંગતા ન હતા પરંતુ સૃષ્ટિની માતા પાર્વતીના આદેશનો અનાદર કરવો પણ તેમના માટે શક્ય ન હતો તેથી ધર્માત્મા અને વિવેકી શનિદેવે અત્યંત સાવધાનીપૂર્વક ધીમેથી પોતાની આંખના ખૂણાથી ત્રાંસી દ્રષ્ટિથી બાલગણેશ તરફ જોયું. જેવી શનિદેવની ત્રાંસી દ્રષ્ટિ બાલગણેશના મુખ પર પડી કે તુરંત જ બાળ ગણેશનું તેજસ્વી મસ્તક ધડથી અલગ થઈ ગયું! તે દિવ્ય મસ્તક આકાશ માર્ગે ઊડીને ભગવાન શ્રીકૃષ્ણના પરમ ધામ 'ગોલોક'માં પહોંચી ગયું અને શ્રીકૃષ્ણના વિગ્રહમાં વિલીન થઈ ગયું કારણ કે ગણેશજી સ્વયં શ્રીકૃષ્ણના જ અંશ હતા.

આ ભયાનક દ્રશ્ય જોઈને કૈલાસ પર હાહાકાર મચી ગયો. પોતાના નવજાત પુત્રને મસ્તક વિના લોહીલુહાણ જોતાં જ માતા પાર્વતીજી અત્યંત વિલાપ કરતાં કરતાં બેભાનમૂર્છિત થઈને ઢળી પડ્યા. તેમની સખીઓ જયા વિજયા અને શિવગણો કલ્પાંત કરવા લાગ્યા.

**ભગવાન શ્રીહરિ વિષ્ણુનું પ્રાગટ્ય અને ગજેન્દ્ર મસ્તકનું આરોપણ..**

કૈલાસ પર વ્યાપેલી અરાજકતા અને માતા પાર્વતીની દયનીય સ્થિતિ જોઈને જગતના પાલનહાર ભગવાન શ્રીહરિ વિષ્ણુ તુરંત પોતાના વાહનગરૂડ પર સવાર થઈને ઉત્તર દિશા તરફ નીકળી પડ્યા. શ્રીહરિ ઉત્તર દિશામાં આવેલી પવિત્ર પુષ્પભદ્રા નદીના કિનારે પહોંચ્યા, ત્યાં એક સઘન વનમાં તેમણે એક મહાબલી ગજેન્દ્ર હાથીને જોયો, જે પોતાની હાથણીઓ અને નાના બાળકો સાથે ઘેરાઈને ગાઢ નિંદ્રામાં સોયેલો હતો.

ભગવાન વિષ્ણુએ પોતાના સુદર્શન ચક્ર વડે તે ગજેન્દ્રનું મસ્તક કાપી લીધું અને મનના વેગથી ઉડીને ક્ષણવારમાં કૈલાસ પરત આવ્યા. શ્રીહરિ વિષ્ણુએ દિવ્ય મંત્રોચ્ચાર સાથે તે હાથીના મસ્તકને બાળ ગણેશના ધડ પર ગોઠવી દીધું અને તેમાં પ્રાણ પૂરીને બાળકને પુનર્જીવિત કરી દીધું. હાથીનું મુખ ધારણ કરવાને કારણે બાલગણેશ ત્યારથી 'ગજાનન' અને 'ગજમુખ' તરીકે બ્રહ્માંડમાં વિખ્યાત થયા.

**ભગવાન વિષ્ણુનો આધ્યાત્મિક ઉપદેશ અને દેવોના આશીર્વાદ..**

બાળક જીવંત થતાં જ માતા પાર્વતી મૂર્છામાંથી જાગ્યા પરંતુ પોતાના સુંદર બાળકના ધડ પર હાથીનું મુખ જોઈને તેઓ પુન: દુ:ખી થવા લાગ્યા ત્યારે ભગવાન વિષ્ણુએ માતા પાર્વતીને પરમ આધ્યાત્મિક જ્ઞાન આપતાં કહ્યું કે..

'હે માતા પાર્વતી! આપ તો સ્વયં જગતની બુદ્ધિ અને શક્તિનું સ્વરૂપ છો. શું આપ નથી જાણતાં કે બ્રહ્માજીથી લઈને એક નાનકડા કીટપતંગ સુધીનું તમામ જગત પોતાના જ પૂર્વસંચિત કર્મોનું ફળ ભોગવે છે? સુખ-દુ:ખ, ભય-શોક અને આનંદ એ બધું જ જીવના પોતાના કર્મોનું પરિણામ છે. આ ગજેન્દ્ર પણ પૂર્વજન્મમાં એક મહાન શાપિત જીવ હતો, જેને આજે મારે હાથે મુક્તિ મળી છે અને તેના મસ્તકને ગણેશ જેવા પરબ્રહ્મનું ધડ પ્રાપ્ત થયું છે.' ભગવાન વિષ્ણુના આ શાસ્ત્રોક્ત અને જ્ઞાનવર્ધક વચનો સાંભળીને માતા પાર્વતીજી સંતુષ્ટ થયા.

ભગવાન વિષ્ણુએ પોતાના ગળામાંથી અત્યંત કિંમતી 'કૌસ્તુભ મણિ' કાઢીને બાલગણેશના ગળામાં પહેરાવ્યો. બ્રહ્મા, શિવ અને વિષ્ણુએ મળીને ગણેશજીને ત્રિલોકમાં 'પ્રથમપૂજ્ય' અને 'સર્વ વિઘ્નહર્તા' બનવાનું સાર્વભૌમ વરદાન આપ્યું.

પોતાના પુત્રનું મૂળ મસ્તક ગુમાવવાના શોકમાં માતા પાર્વતીજીએ ક્રોધાવેશમાં આવીને શનિદેવને શાપ આપ્યો કે 'હે શનિ! તારા કારણે મારા પુત્રની આ દશા થઈ છે તેથી તું અત્યારે જ અંગહીન પંગુ/લંગડો થઈ જા.' જ્યારે સૂર્યદેવ અને અન્ય દેવતાઓએ પાર્વતીજીને વિનંતી કરી કે શનિદેવનો કોઈ દોષ નહોતો તેઓ તો આપની જ આજ્ઞાનું પાલન કરી રહ્યા હતા ત્યારે માતા પાર્વતીજીનો ક્રોધ શાંત થયો. પાર્વતીજીએ શાપમાં રાહત આપતાં કહ્યું કે શનિદેવ સંપૂર્ણ અંગહીન નહીં થાય પરંતુ તેમની એક ચાલ ધીમીમંદ થઈ જશે તેથી જ શનિદેવને 'શ્વૈશ્ચર' એટલે કેધીમી ગતિએ ચાલનારા કહેવામાં આવે છે.

## અલ નીનોની અસર
# સતત ગરમી અને પાણીની અછતથી જંગલોમાં આગ લાગવાનું જોખમ વધશે




**દુ**નિયા પર અલ નીનોનું જોખમ તોળાઈ રહ્યું છે ત્યારે ભારતના ૧૮૦થી વધુ વૈજ્ઞાનિકોએ ભારત સરકારને દેશમાં નવેમ્બર મહિનાથી આગામી વર્ષ સુધી 'પ્રલય' જેવા હવામાનની ચેતવણી આપી છે. પર્યાવરણ અને હવામાન વૈજ્ઞાનિકોએ અત્યંત શક્તિશાળી અલ-નીનો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતા કેન્દ્ર સરકાર, સંશોધન સંસ્થાઓ અને ફન્ડિંગ એજન્સીઓને તેનો સામનો કરવા માટે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરવા હાકલ કરી છે, જેથી નુકસાન થયા પછી અભ્યાસ કરવાના બદલે પહેલાથી જ નિરીક્ષણ અને રેકોર્ડની વ્યવસ્થા કરી શકાય.



દેશના ૧૮૦થી વધુ પર્યાવરણ અને હવામાન વૈજ્ઞાનિકોએ આગામી શક્તિશાળી અલ-નીનો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, ૨૦૨૬-૨૭નો અલ નીનો સામાન્ય વર્ષો કરતાં અનેક ઘણો વધુ વિનાશક હોઈ શકે છે.

ભારતના જંગલો, નદીઓ, સમુદ્રો, પર્વતો તથા વન્યજીવો પર ગંભીર અસર કરી શકે છે. આ વૈજ્ઞાનિકોનું સંશોધન ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ જેનોડો પ્લેટફોર્મ પર સુપર અલ નીનોની દસ્તક: ૨૦૨૬-૨૭માં ઈકોલોજિસ્ટ માટે ચેતવણી અને પડકાર નામથી પ્રકાશિત થયું છે.

અલ નીનો પ્રશાંત મહાસાગર સાથે સંકળાયેલી એવી પ્રાકૃતિક જળવાયુ ઘટના છે, જેમાં સમુદ્રની સપાટી અસામાન્ય રીતે ગરમ થઈ જાય છે. તેની અસર દુનિયાના અનેક ભાગોના હવામાન પર પડે છે. વૈજ્ઞાનિકો મુજબ આ વખતે પ્રશાંત મહાસાગરમાં સમુદ્રનું તાપમાન અસામાન્યરૂપે વધ્યું છે, તેથી આગામી મહિનાઓ પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. આ સ્થિતિ સામાન્ય અલ નીનોથી અલગ હોઈ શકે છે.

વૈજ્ઞાનિકોને આશંકા છે કે નવેમ્બર ૨૦૨૬થી આગામી વર્ષ સુધી ભારતના અનેક રાજ્યોમાં સામાન્યથી વધુ ગરમી અને સુષ્ક વાતાવરણ જોવા મળી શકે છે. અલ નીનોની અસરના કારણે વરસાદ ઓછો થયો છે ત્યારે પાણીની અછત પણ વધી શકે છે, જેની સીધી અસર ખેતી, જંગલો અને પશુપાલન પર પડશે. રણ ક્ષેત્રો અને પર્વતીય વિસ્તારોમાં વૃક્ષો અને પ્રાણીઓ માટે આ સ્થિતિ વધુ મુશ્કેલી ઊભી કરી શકે છે.

શહેરોમાં કોંક્રિટ અને રસ્તાના કારણે ગરમી અસાધારણ રીતે વધી શકે છે. લાંબા સમય સુધી ચાલનારી તિવ્ર ગરમીથી લોકોના સ્વાસ્થ્ય અને શહેરોમાં વૃક્ષો માટે પડકારરૂપ બની શકે છે. સતત ગરમી અને પાણીની અછતથી જંગલોમાં આગ લાગવાનું જોખમ વધી શકે છે. તેનાથી વૃક્ષોની સાથે પક્ષીઓ અને અન્ય વન્ય જીવોને ભારે નુકસાન થઈ શકે છે. અલ નીનોની અસર માત્ર જમીન સુધી મર્યાદિત નહીં રહે. ભારતની આજુબાજુના સમુદ્રી ક્ષેત્રોમાં પણ તાપમાન વધવાથી સમુદ્રી લૂ એટલે કે મરીન હીટવેવ આવી શકે છે.

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

# મંજૂરી વગર સ્ટેમ સેલ થેરાપી કરી તો કેન્દ્રીય આરોગ્ય વિભાગ ડોક્ટરો અને ક્લિનિકલ સંસ્થાઓ સામે કાનૂની કાર્યવાહી કરશે

**કે**ન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્યોને એવા ડોક્ટરો અને ક્લિનિકલ સંસ્થાઓ સામે કાર્યવાહી કરવા કહ્યું છે, જેઓ એવી બીમારીઓ અથવા સ્વાસ્થ્ય સંબંધી સ્થિતિઓની સારવાર માટે સ્ટેમ સેલ થેરાપીનો ઉપયોગ કરી રહ્યા છે, જેના માટે આ સારવારની અસરકારકતા હજુ સુધી સાબિત થઈ નથી. મંત્રાલયે પોતાની એડવાઈઝરીમાં સ્પષ્ટ કર્યું છે કે મંજૂરી વિના અથવા નિર્ધારિત નિયમોની બહાર જઈને સ્ટેમ સેલ થેરાપી આપનારાઓ પર કાર્યવાહી થશે. સ્ટેમ સેલ થેરાપી ફક્ત નિર્ધારિત ગંભીર બીમારીઓ માટે જ માન્ય છે.



આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, સ્ટેમ સેલ થેરાપી દરેક બીમારીની સારવાર માટે વાપરી શકાતી નથી. તેનો ઉપયોગ માત્ર એ જ બીમારીઓ અને સ્વાસ્થ્ય સંબંધી સ્થિતિઓમાં થઈ શકે છે, જેને મંત્રાલયની નિર્ધારિત યાદીમાં સામેલ કરવામાં આવી છે. આ યાદીમાં કેટલાક ગંભીર કેન્સર અને ઓટોઇમ્યુન બીમારીઓ સામેલ છે. તેમાં એક્યુટ માયલોઇડ લ્યુકેમિયા, બી-સેલ લિમ્ફોમા અને મલ્ટિપલ માયલોમા જેવા કેન્સર સામેલ છે. આ ઉપરાંત મલ્ટિપલ સ્ક્લેરોસિસ અને એપ્લાસ્ટિક એનિમિયા જેવી ઓટોઇમ્યુન સ્થિતિઓ પણ તે બીમારીઓમાં સામેલ છે, જેના માટે સ્ટેમ સેલ થેરાપીની પરવાનગી આપવામાં આવી છે.

મંત્રાલયની યાદી અનુસાર, પુખ્ત વયના લોકોમાં ૧૮ અને બાળકોમાં ૧૪ બીમારીઓ અથવા સ્થિતિઓ માટે સ્ટેમ સેલ થેરાપીનો ઉપયોગ કરી શકાય છે. તેનો અર્થ એ છે કે કોઈ બીજી બીમારીની સારવાર માટે આ થેરાપીનો ઉપયોગ સામાન્ય રીતે કરી શકાતો નથી. આ માટે સંબંધિત નિયમનકારી પ્રક્રિયા અને આવશ્યક મંજૂરીનું પાલન કરવું જરૂરી છે.

સ્ટેમ સેલ થેરાપીને લઈને સુપ્રીમ કોર્ટમાં જે કેસ પર સુનાવણી થઈ, તેમાં ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડરનો મુદ્દો પણ સામેલ હતો. આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરાયેલ માહિતી મુજબ, ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર એ ૧૮ સ્થિતિઓની યાદીમાં સામેલ નથી, જેના માટે સ્ટેમ સેલ થેરાપીની પરવાનગી આપવામાં આવી છે. મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ઓટિઝમ માટે સ્ટેમ સેલ થેરાપીનો ઉપયોગ માત્ર ક્લિનિકલ ટ્રાયલ તરીકે જ થઈ શકે છે. આ માટે નક્કી કરેલી પ્રક્રિયાનું પાલન કરવું પડશે અને સંબંધિત મંજૂરી મેળવવી પડશે. એટલે કે કોઈ દર્દીને સામાન્ય સારવાર તરીકે ઓટિઝમ માટે સ્ટેમ સેલ થેરાપી આપવાની પરવાનગી નથી.

આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલી એડવાઇઝરીમાં આ વર્ષની શરૂઆતમાં સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા એક ચુકાદાનો પણ હવાલો આપવામાં આવ્યો છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આવા કિસ્સાઓમાં મેડિકલ પ્રેક્ટિશનરો સામે ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલના પ્રોફેશનલ એથિક્સ સાથે જોડાયેલા નિયમો હેઠળ કાર્યવાહી કરી શકાય છે. જ્યારે, સ્ટેમ સેલ થેરાપી ઉપલબ્ધ કરાવતી ક્લિનિકલ સંસ્થાઓ સામે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ (રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ હેઠળ કાર્યવાહીની જોગવાઈ છે.

નિયમોનું ઉલ્લંઘન કરવા પર ડોક્ટરોને શિસ્તભંગની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે. જ્યારે, સંબંધિત ક્લિનિકલ સંસ્થાઓ પર દંડ લગાવવામાં આવી શકે છે અને ગંભીર કિસ્સાઓમાં તેમનું લાઈસન્સ પણ રદ્દ કરી શકાય છે. એટલે કે આરોગ્ય મંત્રાલયે વૈજ્ઞાનિક પુરાવા અથવા નિર્ધારિત મંજૂરી વિના સ્ટેમ સેલ થેરાપી આપતી સંસ્થાઓ અંગે રાજ્યોને કડક વલણ અપનાવવા કહ્યું છે.

જોકે, ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ એક્ટ હેઠળ ક્લિનિકલ સંસ્થાઓ પર કાર્યવાહીનો વ્યાપ આખા દેશમાં એકસરખો નથી. **આ કાયદો હાલમાં ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અપનાવવામાં આવ્યો છે. જેમાં બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, સિક્કિમ અને તેલંગાણા સહિત અનેક રાજ્યો સામેલ છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં હજુ આ કાયદો લાગુ થયો નથી. એવામાં દિલ્હીમાં આ વિશેષ કાયદા હેઠળ કાર્યવાહી કરી શકાતી નથી. જોકે, ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલના પ્રોફેશનલ એથિક્સ સાથે જોડાયેલા નિયમો આખા દેશમાં લાગુ થાય છે અને તેના હેઠળ મેડિકલ પ્રેક્ટિશનરો પર કાર્યવાહી થઈ શકે છે.**

આરોગ્ય મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું છે કે તેણે સંબંધિત રાજ્ય અને જિલ્લા સ્તરના નિયમનકારી અધિકારીઓ અને ક્લિનિકલ સંસ્થાઓને સ્ટેમ સેલ રિસર્ચ અને થેરાપી અંગે લાગુ નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરવા કહ્યું છે. મંત્રાલયનું કહેવું છે કે સ્ટેમ સેલ સાથે જોડાયેલી સારવારને લઈને પહેલાથી નિર્ધારિત વૈજ્ઞાનિક અને નિયમનકારી વ્યવસ્થાનું પાલન થવું જરૂરી છે.

આરોગ્ય મંત્રાલયની આ એડવાઈઝરી મુખ્યત્વે રાજ્ય અને જિલ્લા સ્તરના અધિકારીઓને સુપ્રીમ કોર્ટના ચુકાદા અને વર્તમાન નિયમો વિશે જાણકારી આપવાના હેતુથી જાહેર કરવામાં આવી છે. સાથે જ, તેનો મકસદ એ ક્લિનિકલ સંસ્થાઓ સામે કાર્યવાહીની જરૂરિયાત પર ધ્યાન દોરવાનો છે, જે એવી સ્ટેમ સેલ થેરાપી ઉપલબ્ધ કરાવી રહી છે, જેની અસરકારકતા સંબંધિત બીમારી માટે હજુ સુધી સાબિત થઈ નથી.

આ પહેલા આ જ મહિને નેશનલ મેડિકલ કમિશન એટલે કે NMCએ પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાને રાખીને મેડિકલ પ્રોફેશનલ્સને ચેતવણી આપી હતી. NMC દેશમાં આધુનિક ચિકિત્સાના અભ્યાસ અને મેડિકલ એજ્યુકેશન સાથે જોડાયેલી સર્વોચ્ચ નિયમનકારી સંસ્થા છે. પંચે કહ્યું હતું કે મંજૂર કરવામાં આવેલી સારવાર અને સ્થિતિઓ સિવાય સ્ટેમ સેલ થેરાપીનો મંજૂરી વિના ઉપયોગ કરવો, તેને દર્દીઓ માટે લખવી, તેનો પ્રચાર કરવો કે જાહેરાત આપવી પ્રોફેશનલ મિસકન્ડક્ટ ગણવામાં આવશે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### મહિલા ક્રિકેટ ટીમે ઈતિહાસ રચ્યો

## એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતે પહેલો ગોલ્ડ મેડલ જીત્યો

### સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા વચ્ચે પ્રથમ વિકેટ માટે ૯૯ રનની ભાગીદારી નોંધાઈ હતી




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૨:** આઈચી-નાગોયા એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે શાનદાર અને ઐતિહાસિક પ્રદર્શન કરતા શ્રીલંકાને ૧૪૭ રનના વિશાળ અંતરથી પરાજય આપીને ગોલ્ડ મેડલ પોતાના નામ કર્યો છે. મંગળવારે નિશિનના કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે રમાયેલા આ રોમાંચક મુકાબલામાં ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ઓવરોમાં ૩ વિકેટે ૨૧૬ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો.

ભારતીય ઈનિંગ્સ દરમિયાન સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાનાએ શાનદાર બેટિંગ કરતા ૪૫ બોલમાં ૭ છગ્ગા અને ૫ ચોગ્ગાની મદદથી ૭૯ રનનું યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત, વિકેટકીપર-બેટ્સમેન રિચા ઘોષે માત્ર ૨૨ બોલમાં અણનમ ૪૯ રન બનાવ્યા હતા. જેમાં ૬ ચોગ્ગા અને ૩ છગ્ગા સામેલ હતા. ઓપનર શેફાલી વર્માએ પણ ૨૯ બોલમાં ૪૮ રનની ઝડપી ઈનિંગ રમી હતી. સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા વચ્ચે પ્રથમ વિકેટ માટે ૯૯ રનની ભાગીદારી નોંધાઈ હતી, જેના કારણે ટીમ મોટા સ્કોર સુધી પહોંચવામાં સફળ રહી હતી.

જવાબમાં ૨૧૭ રનના મોટા લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમ ભારતીય બોલરો સામે શરૂઆતથી જ દબાણમાં દેખાઈ હતી. શ્રીલંકાની સમગ્ર ટીમ ૧૫.૪ ઓવરમાં માત્ર ૬૯ રનમાં જ ઓલઆઉ થઈ ગઈ હતી. ટીમ તરફથી કેપ્ટન ચમારી અટાપટ્ટુએ સૌથી વધુ ૨૯ રન બનાવ્યા હતા, પરંતુ અન્ય કોઈ ખેલાડી ક્રિઝ પર ટકી શકી નહોતી. ભારત તરફથી ઘાતક બોલિંગ કરતા દીપ્તિ શર્માએ સૌથી વધુ ૩ વિકેટ ઝડપી હતી. જ્યારે શેફાલી વર્મા, શ્રેયંકા પાટિલ અને શ્રી ચરણીએ બે-બે વિકેટ મેળવીને શ્રીલંકાની બેટિંગ લાઈનઅપને ધ્વસ્ત કરી દીધી હતી. આ શાનદાર વિજય સાથે ભારતીય મહિલા ક્રિકેટ ટીમે એશિયન ગેમ્સમાં સતત બીજીવાર ગોલ્ડ મેડલ જીતીને દેશનું ગૌરવ વધાર્યું છે.

# ઉત્તર પ્રદેશની ૧૦ અને ઉત્તરાખંડની ૧ રાજ્યસભા બેઠક માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર

### ૧૬ ઓક્ટોબરના રોજ મતદાન યોજાશે અને તે જ દિવસે સાંજે પરિણામો પણ જાહેર કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૨**

ચૂંટણી પંચ દ્વારા ઉત્તર પ્રદેશની ૧૦ અને ઉત્તરાખંડની ૧ રાજ્યસભા બેઠક માટે ચૂંટણી કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. આ તમામ ૧૧ બેઠકો માટે ૧૬ ઓક્ટોબરના રોજ મતદાન યોજાશે અને તે જ દિવસે સાંજે પરિણામો પણ જાહેર કરવામાં આવશે. ઉત્તર પ્રદેશની ૧૦ રાજ્યસભા સીટોના વર્તમાન સભ્યોનો કાર્યકાળ ૨૫ નવેમ્બરે પૂર્ણ થઈ રહ્યો છે, જેને પગલે આ ચૂંટણી યોજાઈ રહી છે.યુપીની ૧૦ રાજ્યસભા બેઠકોમાંથી હાલ ૮ બેઠકો ભારતીય જનતા પાર્ટી (BJP) પાસે છે, જ્યારે ૧-૧ બેઠક સમાજવાદી પાર્ટી (SP) અને બસપા (BSP) પાસે છે. ભાજપના જે રાજ્યસભા સભ્યોનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે તેમાં કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી, પૂર્વ ડીજીપી બ્રજલાલ, સીમા દ્વિવેદી, નીરજ શેખર, ગીતા શાક્યા, અરૂણ સિંહ અને બી.એલ. વર્માનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ડો. દિનેશ શર્માએ અંદમાન અને નિકોબારના એલજી બન્યા બાદ રાજીનામું આપતાં તે બેઠક પણ ખાલી પડી છે. સમાજવાદી પાર્ટીના મુખ્ય રાષ્ટ્રીય મહાસચિવ રામગોપાલ યાદવ અને બસપાના રામજી ગૌતમનો કાર્યકાળ પણ પૂર્ણ થઈ રહ્યો છે.ઉત્તર પ્રદેશ વિધાનસભાની કુલ ૪૦૩ બેઠકોમાંથી હાલમાં ૬ ધારાસભ્યોના નિધન બાદ ૩૯૭ ધારાસભ્યો મતદાન કરશે. રાજ્યસભાની એક સીટ જીતવા માટે ઉમેદવારને આશરે ૩૭ પ્રથમ પસંદગીના મતોની જરૂર પડશે. બસપાનો યુપી વિધાનસભામાં એક પણ ધારાસભ્ય ન હોવાથી, વર્તમાન સાંસદનો કાર્યકાળ પૂરો થતાં જ રાજ્યસભામાં પણ બસપાનું પ્રતિનિધિત્વ શૂન્ય થઈ જશે.સમાજવાદી પાર્ટી પાસે ૧૦૧ ધારાસભ્યોનું બળ હોવાથી તે ૨ રાજ્યસભા બેઠકો સરળતાથી જીતી શકે તેમ છે, અને તેની પાસે વધારાના મતો પણ બચશે. બીજી તરફ ભાજપ પાસે પોતાના ૨૫૬ અને સહયોગી પક્ષોના ૩૩ મળીને કુલ ૨૮૯ ધારાસભ્યોનું સંખ્યાબળ છે. આ ગણિત અનુસાર ભાજપ સરળતાથી ૭ બેઠકો જીતી શકે તેવી મજબૂત સ્થિતિમાં છે.

# દિલ્હીમાં નકલી પોલીસ બની 3 નરાધમોએ ૧૭ વર્ષીય કિશોરી પર આચર્યું સામૂહિક દુષ્કર્મ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૨**

દેશની રાજધાની દિલ્હીના દક્ષિણ-પૂર્વ વિસ્તારમાં આવેલ પ્રસિદ્ધ કાલકાજી મંદિર નજીક એક ૧૭ વર્ષની સગીરા સાથે સામૂહિક દુષ્કર્મની શરમનાક ઘટના સામે આવી છે. આસ્થા કુંજ પાર્કમાં બની આ ઘટના બાદ દિલ્હી પોલીસે ત્વરિત અને આકરી કાર્યવાહી કરી છે. પોલીસે મોડી રાત્રે અમર કોલોની વિસ્તારમાં એન્કાઉન્ટર બાદ ગેંગરેપના મુખ્ય આરોપીઓમાંથી એક આસિફ નામના બદમાશની ધરપકડ કરી લીધી છે.

પોલીસ અહેવાલ અનુસાર, સોમવારે સાંજે આશરે ૭:૦૦ વાગ્યે ૧૭ વર્ષની પીડિત કિશોરી તેના મિત્ર સાથે કાલકાજી મંદિરે દર્શન કરવા ગઈ હતી. દર્શન કર્યા બાદ બંને આશરે ૭:૩૦ વાગ્યે પાસેના આસ્થા કુંજ પાર્કમાં બેઠા હતા. આ દરમિયાન ૨૫ થી ૩૦ વર્ષની વયના ત્રણ અજાણ્યા યુવકો ત્યાં પહોંચ્યા હતા. પોતાને પોલીસકર્મી ગણાવીને તેમણે બંને સગીરોને ધમકાવવાનું શરૂ કર્યું હતું.

આરોપીઓ પૈકી એક શખ્સે સગીર છોકરાને પકડી રાખ્યો હતો અને ત્યારબાદ ત્રણેય આરોપીઓએ સગીરા પર સામૂહિક આચર્યું હતું. ઘટનાને અંજામ આપ્યા બાદ ત્રણેય નરાધમો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. રાત્રે પોણા નવ વાગ્યે પીસીઆર કોલ મળતાં જ પોલીસ ટીમ તાત્કાલિક પાર્ક ખાતે પહોંચી હતી અને પીડિતાને મેડિકલ તપાસ માટે હોસ્પિટલ ખસેડી હતી.

દિલ્હી પોલીસે આ કેસમાં પોક્સો (POCSO) એક્ટ અને બળાત્કારની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી. આસપાસના સીસીટીવી (CCTV) ફુટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે અમર કોલોની વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. આ દરમિયાન થયેલા એન્કાઉન્ટરમાં ઓખલા મંડીમાં કામ કરતો આસિફ નામનો આરોપી પકડાઈ ગયો હતો. દિલ્હી પોલીસ બાકીના બે ફરાર આરોપીઓને પકડવા માટે સતત દરોડા પાડી રહી છે.

# સંકટની ઘડીમાં ભારતને સમુદ્રમાં મળ્યો કુદરતી ગેસ ભંડાર

(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી, તા.૨૨**

મધ્યપૂર્વના દેશોમાં જ્યારે ભયાનક સ્તરે યુદ્ધ પહોંચતા એક પછી એક દેશોમાં ઓઈલ અને ઊર્જાની અછત વર્તાતી જઈ રહી છે ત્યારે ભારતને મોટી રાહત આપે તેવી એક શોધ થઈ છે. ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) ને ભારત માટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને મોટી સફળતા મળી છે. ઓડિશાના દરિયાકાંઠાથી આશરે ૪૩ કિલોમીટર દૂર મહાનદી બેસિનમાં ઊંડા સમુદ્રમાં કુદરતી ગેસનો નવો ભંડાર શોધી કાઢવામાં આવ્યો છે. ૧૮ સપ્ટેમ્બરના રોજ 'MDW 28' નામના કૂવામાં આ શોધ થઈ હતી, જ્યાંથી છેલ્લા ત્રણ દિવસથી સતત સારા દબાણ અને ઝડપ સાથે ગેસ નીકળી રહ્યો છે. ભારત માટે આ શોધ આર્થિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વની માનવામાં આવે છે, કારણ કે આનાથી દેશના વિદેશી તેલ અને ગેસ આયાત બિલમાં મોટો ઘટાડો થઈ શકે છે. જોકે, આ કૂવામાં કુલ કેટલો ગેસ છે અને તેનું વ્યાવસાયિક ઉત્પાદન કેટલું ફાયદાકારક રહેશે તે અંગેની વધુ માહિતી અને આંકડા તપાસ બાદ જાહેર કરવામાં આવશે.

આ કૂવાનું ખોદકામ ૨૫ જુલાઈના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકારે જુલાઈમાં ૮૪૦૮૪ કરોડ રૂપિયાના બજેટ સાથે ૨૦૩૦-૩૧ સુધી ચાલનારા 'સમુદ્ર મંથન' અભિયાનને મંજૂરી આપી હતી. આ અભિયાનનો મુખ્ય હેતુ દેશના અણછૂએલા ઊંડા સમુદ્રી વિસ્તારોમાંથી હાઈડ્રોકાર્બન શોધવાનો છે. આ કૂવો (MDW 28) મહાનદી બેસિનમાં ખોદવામાં આવનારા ચાર મુખ્ય કૂવાઓમાંથી પ્રથમ છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ આ શોધને ભારત નિર્ભરતા તરફનું એક મોટું કદમ ગણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે અગાઉ ૨૦૨૪ માં આ જ વિસ્તારમાં થયેલી 'ઉત્કલ' અને 'કોણાર્ક' ગેસની શોધો સાથે મળીને હવે એકીકૃત સુવિધાઓ દ્વારા ગેસનું ઉત્પાદન ઝડપી અને ઓછા ખર્ચે શક્ય બનશે.

## વર્તમાન પ્રવાહ CORPORATE NEWS

### મનીવ્યૂ લિમિટેડ: આઈપીઓ ૨૪ સપ્ટેમ્બર, ગુરુવારે ખુલશે




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૨૨:** મનીવ્યૂ લિમિટેડનો રૂ.૧ની ફેસ વેલ્યૂ ધરાવતા ઈક્વિટી શેરનો IPO ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ને ગુરુવારે ખુલશે. એન્કર રોકાણકાર બિડિંગની તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ને બુધવાર છે. બિડ/ઓફર ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ને સોમવારે બંધ થશે. *UPI મેન્ડેટ એન્ડ ટાઈમ અને તારીખ બિડ/ઓફર બંધ થવાની તારીખે સાંજના ૫.૦૦ વાગ્યા સુધી હશે. ઓફરની પ્રાઈસ બેન્ડ રૂ. ૧ની ફેસ વેલ્યૂ ધરાવતા દરેક ઈક્વિટી શેરદીઠ રૂ.૩૨થી રૂ.૩૪ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૪૪૧ ઈક્વિટી શેર માટે અને પછી ૪૪૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે, જે દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યૂ રૂ.૧ છે. ઈનિશિયલ પબ્લિક ઓફરિંગમાં રૂ. ૭,૫૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને વિક્રેતા શેરધારકો દ્વારા ૧૦૦,૪૯૪,૨૦૦ સુધી ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર સામેલ છે. કંપનીના ઈક્વિટી શેરનું લિસ્ટિંગ BSE લિમિટેડ અને NSE (BSE અને NSE સંયુક્તપણે, ''સ્ટોક એક્સચેન્જીસ'') પર થશે.

ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ ("BRLMs")એક્સિસ કેપિટલ લિમિટેડ, BofA સીક્યોરિટીઝ ઈન્ડિયા લિમિટેડ, IIFL કેપિટલ સર્વિસીસ લિમિટેડ (અગાઉ IIFL સીક્યોરિટીઝ લિમિટેડ તરીકે જાણીતી હતી)અને કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ છે.

### ક્રોમામાં રૂ.1,24,900*ની પ્રારંભિક કિંમત પર બ્લોકબસ્ટર ઓફરો સાથે iPhone 18 Pro ઉપલબ્ધ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૨૨:** ટાટા ગ્રુપની પ્રસિદ્ધ બ્રાન્ડ ક્રોમાએ આજે તમામ એપલ વોચ અને એરપોડ્સમાં બચત કરવાની સુવિધા સાથે iPhone 18 Proની રેન્જ પર વિવિધ પ્રકારની ઓફર રજૂ કરવાની જાહેરાત કરી હતી. દેશમાં ક્રોમાના તમામ સ્ટોર, croma.com, ટાટા Neu એપ અને બિગ બાસ્કેટમાં ઉપલબ્ધ આ મોબાઈલ ફોન ગ્રાહકો માટે એક્સચેન્જ બેનિફિટ અને HDFC ટાટા Neu કાર્ડ પર ૧૦ ટકાની બચત સુધીના કોમ્બિનેશન મારફતે અર્થસભર રીતે બચત અનલોક કરી શકે છે.

સ્ટોરમાં iPhone 18 Pro 256 GB Rs. 1,24,900*માં અને iPhone 18 Pro Max 256GB Rs.1,39,900*માં ઉપલબ્ધ છે. આ ઓફરનો લાભ- પસંદગીના ક્રેડિટ કાર્ડ પર રૂ.૭,૦૦૦ સુધીનું બેંક કેશબેક, તમારો જૂનો

croma
A TATA Enterprise

iPhone14 128GB એક્સચેન્જ કરીને રૂ.૨૪,૦૦૦ સુધીનો એક્સચેન્જ બેનિફિટ મેળવો (ફોનની સ્થિતિ અને મોડલ પર આધારિત), રૂા.૧૨,૦૦૦* સુધી એક્સચેન્જ બોનસ મેળવો.

ટાટા Neu ક્રેડિટ કાર્ડધારકો માટે એપલ વોચ અને એરપોડ્સ પર ક્રોમા ૧૦ ટકા સુધીની બચત પણ આપે છે: રૂ.૧૪,૯૦૦ની કિંમતનું AirPods પ્રારંભિક કિંમત રૂ.૧૩,૪૧૦*પર મળી શકશે, રૂ.૫૬,૯૦૦ની કિંમતની એપલવોચ સીરિઝ ૧૨ પ્રારંભિક કિંમત રૂ. ૫૧,૨૧૦* પર મળી શકશે, રૂ.૧,૦૯,૯૦૦ની કિંમતની એપલ વોચ અલ્ટ્રા ૪ પ્રારંભિક કિંમત રૂ.૯૮,૯૧૦*પર મળી શકશે.

હવે સંપૂર્ણપણે નવી iPhone 18 સીરિઝ ઉપલબ્ધ થવાની સાથે ક્રોમા જૂનાં iPhone મોડલ પર પણ એના એક્સચેન્જ પ્રોગ્રામનો લાભ આપે છે. ગ્રાહકો તેમના iPhone 15, iPhone 16 અથવા iPhone 17 ડિવાઈઝ પર રૂ.૩૦,૦૦૦*થી વધારેનું એક્સચેન્જ વેલ્યૂ પણ ધરાવશે, જેનો આધાર ડિઝાઈનની સ્થિતિ પર છે તેમજ એક્સચેન્જ બોનસ પેટે રૂ.૧૨,૦૦૦* સુધી મળશે.

# બિહારના જમુઈ છેડતી કાંડના બે આરોપીઓનું એન્કાઉન્ટર





### છેડતી મામલે પોલીસે મોટી કાર્યવાહી: બંને આરોપીઓને જમુઈ સદર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે આરોપીઓને હોસ્પિટલ લઈ જવાનો વીડિયો પણ સામે આવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બિહાર, તા.૨૨**

બિહારના જમુઈ જિલ્લામાં સગીર વિદ્યાર્થીની સાથે છેડતી મામલે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. કેસમાં ફરાર ચાલી રહેલા ૨ આરોપીઓનું એન્કાઉન્ટર થયાના અહેવાલ સામે આવી રહ્યા છે.

પોલીસ સાથે થયેલી આ અથડામણમાં એક આરોપીના પગમાં ગોળી વાગવાની અને બીજા આરોપીનો પગ ભાંગી જવાની માહિતી સામે આવી રહી છે. અથડામણ બાદ બંને આરોપીઓને જમુઈ સદર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. આરોપીઓને હોસ્પિટલ લઈ જવાનો વીડિયો પણ સામે આવ્યો છે. તમને જણાવી દઈએ કે ગત દિવસોમાં જમુઈ છેડતી કાંડનો વીડિયો વાઈરલ થયો હતો. ત્યારબાદ પોલીસ પ્રશાસને ગુનેગારો સામે મોટું અને આક્રમક અભિયાન શરૂ કર્યું છે.

આરોપીઓની ધરપકડ માટે જિલ્લાના વિવિધ સંભવિત ઠેકાણાઓ પર સઘન દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન પોલીસ અને ગુનેગારો વચ્ચે કથિત રીતે એન્કાઉન્ટર થયુ હતું.

સૂત્રો પાસેથી મળેલી પ્રાથમિક માહિતી પ્રમાણે આ કાર્યવાહી દરમિયાન એક આરોપીના પગમાં ગોળી વાગી છે, જ્યારે બીજાનો પગ ભાંગી ગયો છે.

એવી માહિતી સામે આવી રહી છે કે પોલીસ ટીમ જ્યારે દબિશ આપી રહી હતી, ત્યારે જ ગુનેગારો સાથે આમનો-સામનો થઈ ગયો. આ દરમિયાન થયેલી કાર્યવાહીમાં મુખ્યત્વે નંદન યાદવ નામના આરોપીના પગમાં ગોળી વાગી હોવાનું કહેવાય છે. તો બીજી તરફ તેના સાથી હરેરામ યાદવનો પગ ભાંગી જવાની માહિતી મળી છે. જોકે, એન્કાઉન્ટરની આ આખી ઘટનાને લઈને પોલીસના ઉચ્ચ અધિકારીઓ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં નથી આવી.

**આરોપીઓની ઓળખ અને સ્થિતિ:** મુખ્ય આરોપી નંદન યાદવ અને હરેરામ યાદવ બંને પુખ્ત વયના (બાલિગ) છે. બંને પ્રતાપપુર ગામના રહેવાસી છે અને વ્યવસાયે ટ્રેક્ટર ડ્રાઈવર છે.

**પોલીસ કાર્યવાહી:** પોલીસ પર હુમલો કરીને ભાગવા દરમિયાન જવાબી ફાયરિંગમાં નંદનના પગમાં ગોળી વાગી, જ્યારે ભાગતી વખતે હરેરામનો પગ ભાંગી ગયો.

**ધરપકડનો આંકડો:** કેસમાં અત્યાર સુધી ૬ આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે (ત્રણ સોમવારે, એક મંગળવારે સવારે). SIT બાકીના ૧ આરોપીની તલાશ કરી રહી છે.

**સારવાર અને સુરક્ષા:** બંને ઘાયલોને પોલીસ કસ્ટડીમાં જમુઈ સદર હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યા છે. હોસ્પિટલમાં ભારે પોલીસ બંદોબસ્ત તહેનાત છે.

ઉલ્લેખનીય છે કે ૧૯ સપ્ટેમ્બરે સાંજે ૭:૦૦ વાગ્યે મડવા પહાડ પાસે રોમિયોના એક ટોળાએ સ્કૂટી પર જઈ રહેલા સગીર વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને બળજબરીથી રોકીને અભદ્ર વર્તન અને મારપીટ કરી હતી. ત્યારબાદ આરોપીઓએ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધો હતો. વાઈરલ ફૂટેજમાં મુખ્ય આરોપી નંદન યાદવ વિદ્યાર્થીનીને બળજબરીથી ઉપાડીને અપહરણ કરવાનો પ્રયાસ કરતો સ્પષ્ટપણે જોવા મળ્યો હતો, જે બાદ સમગ્ર જિલ્લામાં ભારે આક્રોશ ફેલાઈ ગયો હતો.

વિશેષ તપાસ ટીમ (SIT)ને મંગળવારે વહેલી સવારે ગુપ્ત માહિતી મળી હતી કે મુખ્ય આરોપી નંદન યાદવ કુંદર બરાજ વિસ્તારમાં છુપાયેલો છે.

પોલીસ ટીમે જ્યારે વિસ્તારની ઘેરાબંધી કરી, તો પોતાને ઘેરાયેલો જોઈને નંદને પોલીસ ટીમ પર હુમલો કરી દીધો અને ભાગવાનો પ્રયાસ કર્યો.

પોલીસ દ્વારા આત્મરક્ષાર્થે કરવામાં આવેલા જવાબી ફાયરિંગમાં એક ગોળી સીધી નંદનના પગમાં જઈને વાગી અને તે ત્યાં જ ઢળી પડ્યો. આ જ દરમિયાન તેની સાથે ભાગી રહેલા હરેરામ યાદવનો પગ ભાંગી ગયો. પોલીસ ટીમે ઝડપી કાર્યવાહી કરીને બંનેને ઘટનાસ્થળેથી જ પકડી લીધા.

તપાસમાં સામે આવ્યું છે કે નંદન યાદવ અને હરેરામ યાદવ બંને પુખ્ત વયના છે, પ્રતાપપુર ગામના રહેવાસી છે અને વ્યવસાયે ટ્રેક્ટર ડ્રાઈવર છે. કેસમાં ત્રણ આરોપીઓને સોમવારે જ પકડી લેવામાં આવ્યા હતા, જ્યારે મંગળવારે એક આરોપી રામાશીષ મંડળને પકડવામાં આવ્યો હતો. તેના થોડા સમય બાદ નંદન અને હરેરામ યાદવ પર કાર્યવાહી થઈ. અત્યાર સુધીમાં કુલ ૬ આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે.

### ઘટનાને ઉજાગર કરવાના ચક્કરમાં સગીરાની ઓળખ કરી જાહેર

# જમુઈ કાંડ: ૧૨૦ સોશિયલ મીડિયા અકાઉન્ટ વિરુદ્ધ FIR



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૨**

બિહારનાં જમુઈમાં સગીર યુવક અને યુવતી સાથે અભદ્ર વ્યવહાર મામલે 120 સોશિયલ મીડિયા પ્રોફાઈલ પર જમુઈ સાયબર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. જમુઈ એસપીએ મોડી રાતે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું કે- સગીરાની ઓળખ જાહેર કરી વીડિયો વાયરલ કરવો એ ગંભીર ગુનો છે. વાયરલ વીડિયો મામલે જમુઈ પોલીસે આકરી કાર્યવાહી કરી છે અને અત્યારસુધીમાં 3 સગીર આરોપીની ધરપકડ કરવામાં આવી છે.એસપી વિશ્વજીત દયાલે લોકોને અપીલ કરી છે કે- સગીર પીડિતાની ઓળખ સાથે જોડાયેલ વીડિયો શેર કે વાયરલ ના કરે. તેમણે કહ્યું કે- મુખ્ય આરોપીને વહેલી તકે પકડી લેવામાં આવશે. સોશિયલ મીડિયા પર સગીરાની ઓળખ બતાવી વીડિયો વાયરલ કરવો એ પૉક્સો એક્ટ સંબંધિત કલમો અને આઈટી એક્ટની કલમો હેઠળ ગંભીર ગુનો છે. આ મામલે સાયબર પોલીસે ગુનો દાખલ કર્યો છે. જેમાં 120 સોશિયલ મીડિયા અકાઉન્ટ ધરાવતા લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે.જમુઈમાં સગીરા સાથે દુર્વ્યવહાર અને છેડતીનો વીડિયો વાયરલ થવા મામલે એડીજી લૉ એન્ડ ઓર્ડર કેએસ અનુપમે આ મામલે 3 સગીરોની ધરપકડ થયાની માહિતી આપી. આરોપીઓમાંથી 2ની વય 17 થી 18 વર્ષ વચ્ચે હોવાનું સામે આવ્યું છે. આ મામલે SITની રચના કરવામાં આવી છે. વાયરલ વીડિયો ફેલાવનારાઓ પર પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં 7-8 યુવકોનાં નામ સામે આવ્યા છે. આ કેસમાં સંડોવાયેલા તમામ લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવા પોલીસ તૈયારી કરી રહી છે. આરોપીઓના ગુનાહિત ઈતિહાસની પણ પોલીસ તપાસ કરી રહી છે.

# મિડલ ઈસ્ટમાં તણાવ વચ્ચે ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ૭ દિવસમાં ખોલવા સંમતિ આપી




## જાપાનની 'ક્યોડો ન્યૂઝ' મુજબ, ઈરાને અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સામે પર્સિયન ગલ્ફમાંથી સૈન્ય દબાણ ઘટાડવાની કડક શરત મૂકી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૨**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે ઈરાને વિશ્વને મોટી રાહત આપી છે. ઈરાન સૌથી મહત્વપૂર્ણ તેલ સપ્લાય રૂટ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને ૭ દિવસમાં ખોલવા માટે તૈયાર છે, પરંતુ તેણે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે એક કડક શરત મૂકી છે. ઈરાન સંબંધિત આ સમાચાર જાપાનની 'ક્યોડો ન્યૂઝ' એ પ્રકાશિત કર્યા છે, ત્યારબાદ હવે વિશ્વની નજર ડોનાલ્ડ ટ્રમ્પ તરફ મંડરાયેલી છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને તેલના આસમાને પહોંચતા ભાવ વચ્ચે ઈરાને એક એવો દાવ રમી દીધો છે, જેનાથી સમગ્ર વિશ્વ માટે આગામી ૭ દિવસમાં મોટા સમચાર આવી શકે છે. વિશ્વની સૌથી સંવેદનશીલ દરિયાઈ પટ્ટી ગણાતા હોર્મુઝ સ્ટ્રેટને ઈરાન આગામી સાત દિવસમાં ફરીથી ખોલવા માટે રાજી થઈ ગયું છે. તેહરાને તેના બદલામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે એક એવી કડક શરત મૂકી છે, જેનાથી વોશિંગ્ટનમાં હોબાળો મચી ગયો છે. હવે ટ્રમ્પ પાસે એક જ રસ્તો બચ્યો છે.

જાપાનની જાણીતી સમાચાર એજન્સી 'ક્યોડો ન્યૂઝ' એ ઈરાની સરકારના એક વરિષ્ઠ અધિકારીને ટાંકીને આ સમગ્ર ઘટનાક્રમનો ખુલાસો કર્યો છે. ઈરાનના આ અધિકારીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને સંદેશ આપ્યો છે કે, તેમનો દેશ વાટાઘાટોના રસ્તા બંધ કરવાના મૂડમાં નથી, પરંતુ સાથે જ તેમણે અમેરિકાને એ વાતનો અહેસાસ પણ કરાવી દીધો છે કે તાળી એક હાથે વાગતી નથી. ઈરાનનું માનવું છે કે, છેલ્લા કેટલાક સમયથી અમેરિકી વહીવટીતંત્ર જે પ્રકારનું આક્રમક વલણ અપનાવી રહ્યું છે, તેનાથી શાંતિના કોઈ પ્રયાસો સફળ થઈ શકે નહીં. જો અમેરિકા ખરેખર આ આંતરરાષ્ટ્રીય સંકટનો ઉકેલ ઈચ્છતું હોય તો તેણે માત્ર વાતો કરવાને બદલે ગ્રાઉન્ડ લેવલ પર પોતાની ગંભીરતા અને કટિબદ્ધતા સાબિત કરવી પડશે. હવે સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે, ઈરાનની એ કઈ શરત છે, જેણે વોશિંગ્ટનથી લઈને તેલ બજારો સુધી હલચલ મચાવી દીધી છે? ખરેખર, ઈરાનની મુખ્ય અને કડક માંગ એ છે કે, અમેરિકા પર્સિયન ગલ્ફ (ફારસની ખાડી) અને તેની આસપાસના વિસ્તારોમાંથી પોતાનું સૈન્ય દબાણ તુરંત ઘટાડે.

અમેરિકાએ જે રીતે આ વિસ્તારમાં પોતાની નૌકાદળ, લડાકુ વિમાનો અને ઘાતક મિસાઈલોની તૈનાતી વધારી દીધી છે, ઈરાન તેને પોતાના માથા પર લટકતી તલવાર માને છે. ઈરાનનું કહેવું છે કે જ્યાં સુધી તેના પર સૈન્ય કાર્યવાહીનો ખતરો મંડરાતો રહેશે, ત્યાં સુધી કોઈપણ પ્રકારની શાંતિ સમજૂતીનો કોઈ અર્થ રહેતો નથી. ઈરાને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે શરત મૂકી છે કે, જો અમેરિકા પર્સિયન ગલ્ફમાંથી પોતાનું સૈન્ય પાછું ખેંચી લે છે, તો ઈરાન માત્ર સાત દિવસની અંદર સ્ટ્રેટ ઓફ હોર્મુઝને તમામ વેપારી જહાજો અને તેલ ટેન્કરોની અવરજવર માટે સુરક્ષિત રીતે ખોલી દેશે.

આ મોટા રાજદ્વારી વળાંક વચ્ચે વિશ્વભરના નિષ્ણાતોની નજરો એ વાત પર પણ ટકેલી હતી કે, શું આગામી દિવસોમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) ની બેઠક દરમિયાન કોઈ મોટો ચમત્કાર થઈ શકે છે? શું અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાની રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન એક મંચ પર આવીને હાથ મિલાવી શકે છે?

જોકે, ઈરાની અધિકારીએ આ તમામ અટકળો પર વિરામ મૂકી દીધો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે UNGA દરમિયાન બંને ટોચના નેતાઓ વચ્ચે કોઈ મુલાકાત કે સીધી વાટાઘાટોનો કોઈ પ્લાન નથી. નિષ્ણાતોનું માનવું છે કે, ઈરાન કોઈ નક્કર પરિણામ કે શરત વિના પોતાના રાષ્ટ્ર પ્રમુખને ટ્રમ્પ સામે મોકલવા નથી માંગતું. જ્યાં સુધી અમેરિકા સૈન્ય દબાણ ઘટાડવા પર કોઈ લેખિત ભરોસો ન આપે, ત્યાં સુધી ઈરાનનો કોઈ મોટો નેતા ટ્રમ્પ સાથે ટેબલ પર બેસવા તૈયાર થશે નહીં. તેવામાં હવે ટ્રમ્પ પાસે માત્ર પડદા પાછળથી કૂટનીતિ ચલાવવાનો જ છેલ્લો રસ્તો બચ્યો છે.

**વિશ્વના તેલની નસ:** હોર્મુઝ સમગ્ર વિશ્વની 'ઓઈલ સપ્લાયની કરોડરજ્જુ' કહેવામાં આવે તો ખોટું નહીં હોય. પર્સિયન ગલ્ફને ઓમાનની ખાડી અને અરબ સાગર સાથે જોડતો આ સાંકડો રસ્તો વિશ્વનો સૌથી સંવેદનશીલ દરિયાઈ વિસ્તાર છે. વૈશ્વિક સ્તરે ઉપયોગમાં લેવાતા કુલ કાચા તેલનો લગભગ ૨૦ થી ૩૦ ટકા હિસ્સો માત્ર આ એક જ રસ્તા પરથી પસાર થઈને સમગ્ર વિશ્વમાં સપ્લાય થાય છે.

**ગેસની અછતનો ડર:** કાચા તેલ ઉપરાંત, કતાર અને આસપાસના ખાડી દેશોમાંથી નીકળતા એલપીજી અને લિક્વિફાઈડ નેચરલ ગેસ નો મોટો હિસ્સો આ જ રસ્તેથી એશિયાઈ અને યુરોપીય દેશો સુધી પહોંચે છે.

**વેપારી નુકસાન:** હોર્મુઝ બંધ થતાં જ વિશ્વભરના શેરબજારો કડાકા સાથે ગબડી જાય છે. જહાજોનો વીમા ખર્ચ અચાનક એટલો વધી જાય છે કે, સામાન્ય સામાનનું પરિવહન પણ કેટલાય ગણું મોંઘું થઈ જાય છે.

જો આગામી સાત દિવસમાં ઈરાન પોતાની શરત મુજબ આ રસ્તો ખોલી દે છે, તો ભારત સહિત સમગ્ર એશિયા માટે આ આશીર્વાદરૂપ સાબિત થશે. ભારત પોતાની જરૂરિયાતનું લગભગ ૮૫ ટકા કાચું તેલ વિદેશથી ખરીદે છે, અને તેનો મોટો હિસ્સો હોર્મુઝના રસ્તેથી ભારત આવે છે.

**પેટ્રોલ અને ડીઝલના ભાવ:** આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલનો સપ્લાય પૂર્વવત થવાથી ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રહેશે અથવા ઘટી શકે છે.

**મોંઘવારી પર પ્રહાર:** જ્યારે ઈંધણ સસ્તું થશે, ત્યારે વાહનોનું ભાડું અને માલસામાનના પરિવહનનો ખર્ચ ઘટશે. આનાથી રસોડાના રાશનથી લઈને શાકભાજી સુધીના ભાવ નિયંત્રણમાં રહેશે.

**ઉર્જા સુરક્ષા:** ભારતના પાવર પ્લાન્ટ્સ અને ઉદ્યોગોને મળતો ગેસ અને તેલનો સપ્લાય અવિરત ચાલુ રહેશે, જેનાથી દેશની આર્થિક ઝડપ પર કોઈ બ્રેક નહીં લાગે.

ઈરાનની આ ૭ દિવસ વાળી ઓફર માત્ર એક સમાચાર નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય રાજકારણના તખ્તા પર રમાયેલો એક મોટો માસ્ટરસ્ટ્રોક છે. તેહરાને વિશ્વ સામે એ સાબિત કરવાનો પ્રયાસ કર્યો છે કે તે આર્થિક તબાહી કે યુદ્ધ નથી ઈચ્છતું, પરંતુ તે અમેરિકી દબાણ સામે ઝૂકવા પણ તૈયાર નથી. જો ટ્રમ્પ પોતાની જૂની આક્રમક વ્યૂહરચના છોડીને કૂટનીતિનો રસ્તો પસંદ કરે છે, અને સૈન્ય દબાણમાં થોડી છૂટછાટ આપે છે, તો માત્ર સાત દિવસમાં વિશ્વને મોટા સમાચાર મળી શકે છે. જોકે, જો ટ્રમ્પ પોતાની જીદ પર અડગ રહેશે, તો પશ્ચિમ એશિયાનો આ વિવાદ વિશ્વને તબાહી તરફ ધકેલી શકે છે.

# ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર: મારણ શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ, 'આર્ટિકલ ૩૭૦'ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કેવડિયા, તા.૨૨**






ભારતીય સિનેમામાં વર્ષ ૨૦૨૪ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદાન કરનારા કલાકારો, ફિલ્મ નિર્માતાઓ અને ટેક્નિશિયનોને સન્માનિત કરવા માટે ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ગુજરાતના એકતા નગર (કેવડિયા) ખાતે કરવામાં આવ્યું છે. ભારતના રાષ્ટ્રપતિ દ્વારા વિજેતાઓને પુરસ્કારો એનાયત કરવામાં કરવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની સ્થાપના ૧૯૫૪માં કરવામાં આવી હતી. તે ભારતીય સિનેમામાં શ્રેષ્ઠ સર્જનાત્મક અને તકનીકી પ્રદાન માટે આપવામાં આવતું દેશનું સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ સન્માન છે.

આ પુરસ્કારોમાં મુખ્યત્વે ફીચર ફિલ્મો, નોન-ફીચર ફિલ્મો અને સિનેમા અંગેના લેખન જેવી વિવિધ શ્રેણીઓમાં ઉત્કૃષ્ટતાને માન્યતા આપવામાં આવે છે. આ સાથે જ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ભારતીય સિનેમાની ભાષાકીય, સાંસ્કૃતિક અને પ્રાદેશિક વિવિધતાને પણ પ્રતિબિંબિત કરે છે.

આ વર્ષે વિવિધ ભાષાઓ અને ફિલ્મ સ્વરૂપોને પણ પુરસ્કારો દ્વારા માન્યતા આપવામાં આવી છે. તેમાં મરાઠી, સંતાલી, તમિલ, મલયાલમ, તેલુગુ, કન્નડ, તુલુ અને ગઢવાલી સહિતની ભાષાઓનો સમાવેશ થાય છે. પ્રથમ વખત સંતાલી ભાષાની ફિલ્મને નોન-ફીચર ફિલ્મ વિભાગમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

સંજીવ શ્રીવાસ્તવને સિનેમા કેટેગરીમાં શ્રેષ્ઠ લેખન માટે શ્રેષ્ઠ ફિલ્મ વિવેચક પુરસ્કારના વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યા છે. સિનેમા પર શ્રેષ્ઠ પુસ્તક 'નાનિરુવુડે નિમાગાગી નાદિરુવુડે નાનાગાગી: કન્નડ સિનેમાડા થથવા મથુ રાજકીયા' (આઈ સ્ટેન્ડ ફોર યુ, ધ સ્ટેટ સ્ટેન્ડ્સ ફોર અસ: પોલિટિકલ એન્ડ ફિલોસોફિકલ ડાયમેન્શન્સ ઑફ કન્નડ સિનેમા)ને આપવામાં આવશે.

# પાકિસ્તાનમાં ધોળા દિવસે બંદૂકની અણીએ મંત્રીનું અપહરણ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૨**

પાકિસ્તાનમાં ક્યારે શું થઈ જાય તેની કોઈ કલ્પના પણ ના કરી શકે. આજે એવી જ એક ઘટના બની. ખૈબર પખ્તૂનખ્વાંમાં પબ્લિક હેલ્થ ઈજનેર મંત્રી ફઝલ શકુર ખાનનું અજાણ્યા હથિયારબંધ નકાબધીરોઓએ અપહરણ કરી લીધું છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, હુમલાખોરોએ પહેલા તો મંત્રીની ગાડીને રોકવા માટે ટાયરોમાં ગોળીઓ મારી હતી અને પછી કાર અટકાવીને મંત્રી ફઝલ શકુર ખાનને બંદૂકની અણીએ પોતાની સાથે અજાણ્યા સ્થળે લઈ ગયા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં નકાબધારીઓ રસ્તો રોકતા નજરે પડે છે. જોકે, આ અપહરણ પાછળ કયા સંગઠન કે જૂથનો હાથ છે અને તેમની શું માંગ છે તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

મંત્રી ફઝલ શકુર ખાનના અપહરણ ઉપરાંત પીટીઆઈના નેતા અને પ્રાંતીય ધારાસભ્ય શકીલ અહેમદને પણ નિશાન બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી છે. મલાકંદમાં શકીલ અહેમદને અપહરણ કરવાનો પ્રયાસ થયાના અહેવાલ બાદ પાર્ટીના કાર્યકર્તાઓમાં ભારે રોષ ફેલાઈ ગયો છે.

આ ઘટનાના વિરોધમાં ગુસ્સે ભરાયેલા પીટીઆઈ કાર્યકર્તાઓએ મલાકંદમાં બટખેલા બાયપાસ પર ચક્કાજામ કર્યો હતો અને ટાયરો સળગાવીને ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. ખૈબર પખ્તૂનખ્વાંના માહિતી મંત્રી શફી જાને આ ઘટનાને બંધારણ, કાયદો અને જનતાના જનાદેશ પર સીધો હુમલો ગણાવ્યો છે. પીટીઆઈના વરિષ્ઠ નેતાઓએ જવાબદારીની માંગ કરી છે અને ચેતવણી આપી છે કે જો આ પરિસ્થિતિ નહીં અટકે તો સમગ્ર પ્રાંતમાં વિરોધ પ્રદર્શનો વધુ તીવ્ર કરવામાં આવશે.




**નોરા ફતેહી માટે 'બિગ બોસ ૯' ખૂબ જ ફાયદાકારક રહ્યો**

# નોરા ફતેહીએ ૧૧ વર્ષ પહેલાં એક શરત બદલ 'બિગ બોસ'માં લીધી હતી એન્ટ્રી



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૨**

બોલિવૂડની સુંદર અને ચર્ચાસ્પદ અભિનેત્રી નોરા ફતેહીએ તાજેતરમાં ખુલાસો કર્યો હતો કે, તે શરૂઆતમાં 'બિગ બોસ ૯'માં જવા માટે તૈયાર નહોતી. તેણે 'બિગ બોસ'માં વાઇલ્ડ કાર્ડ એન્ટ્રી તરીકે જતાં પહેલાં મેકર્સ સમક્ષ એક શરત મૂકી હતી. પરંતુ, આ એક શોએ તેની કિસ્મત સંપૂર્ણપણે બદલી નાખી.નોરા ફતેહી હવે એક એવું નામ બની ચૂકી છે, જેને કોઈ ઓળખની જરૂર નથી. તેણે અનેક મ્યુઝિક વિડિયોઝ અને પોતાના ડાન્સના દમ પર આજે દેશમાં પોતાની એક અલગ ઓળખ બનાવી લીધી છે. પરંતુ, એક સમય એવો પણ હતો જ્યારે તેની ઓળખ બિગ બોસ કન્ટેસ્ટન્ટ તરીકે હતી. જોકે, આજે તે દેશનું જાણીતું નામ બની ચૂકી છે. આ વાત અલગ છે કે તે શરૂઆતમાં 'બિગ બોસ ૯'માં જવા નહોતી ઈચ્છતી.અભિનેત્રી નોરા ફતેહીએ તાજેતરમાં ખુલાસો કર્યો કે જે શોએ (બિગ બોસ) તેનું ભાગ્ય બદલી નાખ્યું, તે શરૂઆતમાં આ શોમાં એન્ટ્રી લેવાના પક્ષમાં નહોતી. નોરાએ જણાવ્યું કે જ્યારે તેને આ શો ઓફર થયો ત્યારે તેણે મેકર્સ સામે એક શરત મૂકી હતી, જે સ્વીકારાયા બાદ જ તેણે વાઈલ્ડ કાર્ડ તરીકે બિગ બોસ ૯માં એન્ટ્રી લીધી અને ભારે પ્રસિદ્ધિ મેળવી હતી. નોરા ફતેહીએ ૨૦૧૫માં વાઈલ્ડકાર્ડ કન્ટેસ્ટન્ટ તરીકે બિગ બોસ ૯માં એન્ટ્રી લીધી હતી અને ૨૦૧૬માં બહાર થઈ ગઈ હતી. આ દરમિયાન પ્રિન્સ નરુલા સાથે તેની દોસ્તી અને નજીકતા ખૂબ ચર્ચામાં રહી હતી. હવે નોરાએ જણાવ્યું કે પહેલાં તે રિયાલિટી શોઝને અલગ નજરિયાથી જોતી હતી, પરંતુ પાછળથી તેને સમજાયું કે એક ઊભરતા કલાકાર માટે આ ખૂબ જ ફાયદાકારક પ્લેટફોર્મ હોઈ શકે છે. 'અનટ્રિગર્ડ' પોડકાસ્ટ પર વાત કરતી વખતે નોરાએ જણાવ્યું કે જ્યારે તેને બિગ બોસની ઓફર મળી, ત્યારે તે પોતાના કરિયરના સ્ટ્રગલિંગ ફેઝમાં હતી. તે એ ગીતોના પેમેન્ટ માટે પણ સ્ટ્રગલ કરી રહી હતી, જેમાં તેણે કામ કર્યુ હતું.નોરાએ આ અંગે વાત કરતાં કહ્યું- 'મેં ઘણાં ગીતો કર્યા હતા, પરંતુ મને તેનું પેમેન્ટ મળ્યું નહોતું. હું મારા પેમેન્ટ માટે લડી રહી હતી, મારે રાહ જોવી પડી રહી હતી. કદાચ પ્રોડ્યુસર્સે એજન્સીને પૈસા આપ્યા નહીં હોય. જોકે, આ જ સમયે મને બિગ બોસની ઓફર મળી. પણ, મેં ના પાડી દીધી. પછી તેમણે મને કહ્યું કે આટલા પૈસા મળશે, તો મેં કહ્યું- ઠીક છે.'નોરાએ કહ્યું, 'આ એક એવું પ્લેટફોર્મ છે કે જો તમે સ્માર્ટ છો તો તે તમને તરત જ ઘરે-ઘરે જાણીતી કરી દેશે. હું વાઈલ્ડકાર્ડ એન્ટ્રી હતી, તેથી વધુ સમય સુધી રહેવાની નહોતી. હું 'ઝલક દિખલા જા' કરવા માંગતી હતી અને તે પણ એ જ ચેનલનો શો હતો. તો મેં તેમને કહ્યું- મને 'ઝલક' આપી દો અને હું બદલામાં 'બિગ બોસ' કરીશ. તેમણે હા પાડી દીધી અને મને 'બ્રેક' મળી ગયો.'જોકે, નોરા ફતેહી માટે 'બિગ બોસ ૯' ખૂબ જ ફાયદાકારક રહ્યો. આ શો દરમિયાન પ્રિન્સ નરુલા સાથે નોરાની ગાઢ મિત્રતા થઈ ગઈ, જે પાછળથી એ સીઝનના વિનર બન્યા. તો બીજી તરફ શો પૂરો થયા પછી નોરાનું કરિયર સતત સફળતાના શિખરો સર કરતું ગયું અને આજે તે બોલિવૂડનું મશહૂર નામ છે.

# સિદ્ધાર્થ, તમન્નાની ફિલ્મ ધી વનમાં મંજૂરી વિના ગીતની ચોરી




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૨**

સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની આગામી ફિલ્મ 'વન-ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ'નું ટ્રેલર રિલિઝ થતાં જ તેમાં વપરાયેલાં ગીત વિશે વિવાદ ફાટી નીકળ્યો છે. સંગીતકાર સરગમ વૈશે રવિવારે એક પોસ્ટ મુકી જણાવ્યું હતું કે મારી મંજૂરી કે સંમતિ વિના જ આ ગીતને ટ્રેલરમાં બેકગ્રાઉન્ડમાં વાપરવામાં આવ્યું છે જેને તત્કાળ હટાવી લેવામાં આવે.આ પોસ્ટમાં સરગમે જણાવ્યું હતું કે હું આ ગીત અયિગિરી નંદિની પર ત્રણ વર્ષથી કામ કરી રહ્યો છું અને તે વાપરવા માટે મારી કોઇ મંજૂરી કે સંમતિ લેવામાં આવી નથી. મેં એક મ્યુઝિક લેબલ સાથે આ ગીત માટે કરાર કરેલાં હોઇ તેના ગેરકાયદે ઉપયોગથી મારા કરાર પર અસર પડે છે. સરગમના આક્ષેપોનો વન- ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ ફિલ્મમેકર્સ દ્વારા કોઇ પ્રતિભાવ આપવામાં આવ્યો નથી. સરગમે તેની પોસ્ટમાં ફિલ્મમેકર્સે કોઇ મંજૂરી કે લાયસન્સ લીધું હોય તો તેની માહિતી પુરી પાડવા પણ જણાવ્યું હતું.

# ઉર્મિલા માતોંડકરનું ઓટીટી દ્વારા એક્ટિંગમાં કમબેક

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૨**



ઉર્મિલા માતોંડકર એક્ટિંગમાં કમબેક કરી રહી છે. તે એક વેબ શોમાં પ્રિન્સિપાલની ભૂમિકામાં દેખાશે. ધી વાઈરલ ફિવર દ્વારા આ સીરિઝ બનાવાઈ રહી છે.આ વેબ સિરિઝનું શૂટિંગ શરૂ થઇ ચૂક્યુ છે અને તેને ૨૦૨૭ની મધ્યમાં સ્ટ્રિમ કરવાની નેમ છે. આ વેબ સિરિઝનું લેખન પુનિત બાત્રા કરી રહ્યા છે જ્યારે દિગ્દર્શનની જવાબદારી દિવ્યાંશુ મલ્હોત્રા સંભાળી રહ્યા છે. આ બંને જણાં અગાઉ ૨૦૧૮માં ટીવીએફની ફલેમ્સમાં સાથે કામ કરી ચૂક્યા છે. પુનીત બાત્રા લિખિત 'કોટા ફેક્ટરી' સિરિઝ હીટ નીવડી હતી. જો કે, ઉર્મિલા માતોંડકરની અન્ય એક સિરિઝ તિવારી ફેબ્રુઆરીમાં ઓટીટી પર આવી રહી છે. સૌરભ વર્મા દ્વારા નિર્દેશિત ૧૪ એપિસોડની આ સિરિઝમાં ઉર્મિલાએ એક એવી યુવતીની ભૂમિકા ભજવી છે જે તેણે ન કરેલાં ગુના માટે ૧૪ વર્ષની કેદ ભોગવી બહાર આવી તેને ફસાવનારને શોધે છે.

# શ્વેતા તિવારી મેનકા, ઉર્વશી અને રંભાના અવતારમાં



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૨**

ટીવી અભિનેત્રી શ્વેતા તિવારી અવારનવાર સોશિયલ મીડિયા પર પોતાની શાનદાર અને ગ્લેમરસ તસવીરો શેર કરતી રહે છે. અભિનેત્રીએ ફરી એકવાર પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર કેટલીક સુંદર તસવીરો શેર કરી છે, જેને જોઈને ચાહકોની નજર તેમના સ્ટાઈલિશ લુક પર ટકી ગઈ છે.ટીવીની લોકપ્રિય અભિનેત્રી શ્વેતા તિવારી પોતાની સુંદરતા અને સ્ટાઈલિશ અંદાજ માટે જાણીતી છે. ફિટનેસના મામલે પણ તે પોતાની પુત્રી પલક તિવારીને ટક્કર આપે છે. ૧૮ સપ્ટેમ્બરે શ્વેતાએ પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર કેટલીક શાનદાર તસવીરો શેર કરી હતી, જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે.શ્વેતાએ શેર કરેલી તસવીરોમાં તે બ્લેક અને બ્લુ રંગના આઉટફિટમાં જોવા મળી રહી છે. તેણે બ્લેક ટોપ પહેર્યું છે, જેના સ્લીવ્સ પર સ્ટાઈલિશ સ્ટ્રેપ્સ લગાવવામાં આવ્યા છે. આ ડિઝાઈન તેના લુકને વધુ આકર્ષક બનાવી રહી છે. અભિનેત્રીએ પોતાના વાળ ખુલ્લા રાખ્યા છે, જે તેના સમગ્ર લુકમાં ચાર ચાંદ લગાવી રહ્યા છે.શ્વેતાએ હળવો મેકઅપ કર્યો છે અને કાનમાં સિલ્વર ઈયરિંગ્સ પહેરી છે. તસવીરોમાં તે કેમેરા સામે અલગ-અલગ અંદાજમાં પોઝ આપતી જોવા મળી રહી છે. તેનો આ લુક ચાહકોને ખાસ પસંદ આવી રહ્યો છે.ફેશન સેન્સ અને ફિટનેસ ઉપરાંત શ્વેતા તિવારીના કરિયરની વાત કરીએ તો તેને સૌપ્રથમ ૧૯૯૯માં આવેલા શો 'કલીરે' માં જોવા મળી હતી. ત્યારબાદ સીરિયલ 'કસૌટી જિંદગી કી'થી તેણે ઘર-ઘરમાં પોતાની આગવી ઓળખ બનાવી હતી.ટીવી સીરિયલ્સ ઉપરાંત શ્વેતા તિવારી 'મિલે ના મિલે હમ', 'બિન બુલાયે બારાતી' અને 'સિંઘમ અગેઈન' જેવી ફિલ્મોમાં પણ જોવા મળી ચૂકી છે. આ ઉપરાંત તે 'હમ તુમ એન્ડ ધેમ' અને 'ડૂ યુ વાના પાર્ટનર' જેવા પ્રોજેક્ટ્સનો પણ હિસ્સો રહી ચૂકી છે.

# આલિયા પ્રોડયૂસર તરીકે કોરિયન ફિલ્મની ઉઠાંતરી કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૨**



આલિયા ભટ્ટ એક પ્રોડયૂસર તરીકે કોરિયન ફિલ્મની રીમેક બનાવવાની છે. જોકે, એવો દાવો થઈ રહ્યો છે કે આલિયા આ ફિલ્મની સીન ટુ સીન કોપી નહીં કરે પરંતુ તેને ભારતીય સ્વરુપમાં ઢાળશે. ઉલ્લેખનીય છે કે આલિયાના પિતા મહેશ ભટ્ટ પર પણ મોટાભાગની ફિલ્મોમાં ઉઠાંતરીના આક્ષેપો થતા રહ્યા હતા. 'ધ હાઉસમેઇડ' પરથી બનાવવામાં આવી રહેલી આલિયા ભટ્ટની ફિલ્મને નિર્દેશિત કરવાનું કામ અજય દેવગણની હિંદી 'દ્રશ્યમ'ના ડિરેક્ટર અભિષેક પાઠકને સોંપવામાં આવ્યું છે. આ ફિલ્મના હીરો તરીકે વરુણ ધવન અથવા રાજકુમાર રાવ બેમાંથી એકની પસંદગી કરવામાં આવશે તેવી અટકળો ચાલી રહી છે. કોરિયન ફિલ્મ 'ધ હાઉસમેઈડ' એક થ્રીલર ફિલ્મ છે. આલિયા ભટ્ટના પ્રોડક્શન બેનર ઈટર્નલ સનશાઈન પ્રોડક્શન્સની આ ફિલ્મ સીન ટુસીન રિમેક નથી. તેમાં મુખ્ય આઈડિયાને જાળવી રાખી અલગ સ્ટોરી લખવામાં આવી રહી છે જેથી તે મૂળ ફિલ્મથી અલગ બની રહે. અભિષેક પાઠકની 'દૃશ્યમ ટુ' હીટ ફિલ્મ હતી.'દૃશ્યમ થ્રી'ની રિલિઝ બાદ અભિષેક પાઠકનો નિર્દેશક તરીકે આ મોટો પ્રોજેક્ટ બની રહેશે. આલિયા ભટ્ટની એક્ટ્રેસ તરીકે આગામી ફિલ્મોમાં 'લવ એન્ડ વોર' અને 'તુમ્બાડ ટુ' મુખ્ય છે.

# વલસાડ-ડાંગ સાંસદ ધવલભાઈ પટેલ પારડી નગરના શ્રીજીના દર્શને: સામાન્ય જનતાની જેમ વિના ચંપલ સ્કૂટર પર નીકળી કર્યા દર્શન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) પારડી, તા.૨૨**

ચાલી રહેલ ગણેશ મહોત્સવને લઈ વલસાડ ડાંગ વિસ્તારના સાંસદ અને લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલે પોતાના મતવિસ્તાર એવા પારડીના ગણેશ મંડળોની મુલાકાત લઈ શ્રીજીના દર્શન કર્યા હતા. સાદગી ભર્યા જીવન શૈલી માટે જાણીતા સાંસદ શ્રી ધવલભાઈએ પોતાની સરકારી ગાડી છોડી સામાન્ય જનતાની જેમ સ્કૂટર પર વિના ચંપલ નીકળી સમગ્ર પારડી નગરના દરેક મંડળોમાં જઈ શ્રીજીના દર્શન કર્યા હતા.

પારડી સ્વાધ્યાય મંડળના સાર્વજનિક ગણેશ મંડળથી શરૂઆત કરી તેઓ બાલાખાડી કા રાજા, ભંડારી સ્ટ્રીટ, ચીવલ રોડ, રાણા સ્ટ્રીટ, સૌરભ મંડળ બહુચરાજી માતાજી, બ્રહ્મદેવ મંડળ, પટેલ સ્ટ્રીટ, કહારવાડ 'દમણીઝાંપા કા રાજા' મંડળ સુધી પહોંચી શ્રીજીના દર્શન કર્યા હતા.

દમણીઝાંપા ખાતે આવેલ 'દમણીઝાંપા કા રાજા' મંડળના પારડી નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ એવા શ્રી ચેતનભાઈ ભંડારી તથા તેમના મંડળના સભ્યો દ્વારા શ્રી ધવલભાઈ પટેલનું ઢોલ નગારા, આતસબાજી, રંગોળીથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું તથા મંડળ દ્વારા શ્રી ધવલભાઈ પટેલના હસ્તે એક દિવ્યાંગ બહેનને ચેર આપવામાં આવી હતી.

સાંજે ૭:૦૦ વાગ્યાથી શરૂ થયેલ તેમની દર્શન યાત્રા રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી પારડી નગરમાં તેઓએ સ્કૂટર પર વિના ચંપલે ફરી શ્રીજીના દર્શન કરી પોતાની સાદગીના પણ દર્શન કરાવ્યા હતા અને સમગ્ર પોતાના મત વિસ્તારના લોકોને કોઈપણ કામકાજ હોય તો વિના સંકોચે પોતાના જણાવવાનું કહ્યું હતું અને ફરીથી હું અહીં નવરાત્રી તથા કોઈપણ પ્રસંગે આવીશ હોવાનું પણ જણાવ્યું હતું.

# ભિલાડ સહિતના વિસ્તારમાં ટાસ્કફોર્સ દ્વારા ચેકિંગ: ૪૨ લોકો પાસે રૂ.૮૧૦૦નો દંડ વસૂલાયો

**શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની વેચાણ પર પ્રતિબંધ સહિતના નિયમોની વિક્રેતાઓને સમજ આપી**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૨૨**

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ભિલાડ અને તેની આજુબાજુના વિસ્તારમાં આરોગ્ય ખાતાની ટાસ્કફોર્સ દ્વારા તા.૨૨ સપ્ટેમ્બરે આકસ્મિક ચેકિંગ દરમ્યાન તમાકુ ગુટખાનું વેચાણ કરતા દુકાનદારો અને જાહેરમાં ધુમ્રપાન કરનાર કુલ ૪૨ લોકો પાસેથી કુલ રૂ.૮૧૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને પોલીસ વિભાગ સાથે મળી સ્ટીયરીંગ કમિટી દ્વારા ઉમરગામ તાલુકામાં ભિલાડ અને તેની આજુબાજુના વિસ્તારમાં ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વેચતા નાના મોટા પાનના ગલ્લા, પાર્લર અને જાહેરમાં ધુમ્રપાન કરનાર કુલ ૪૨ લોકો સામે કેસ કરી રૂ.૮૧૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

તદ્ઉપરાંત કલમ-૪ જાહેરમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ તથા કલમ-૬(અ)૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુના વેચાણ પર પ્રતિબંધ છે. તથા કલમ-૬(બ) શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ કે તમાકુની વેચાણ પર પ્રતિબંધ છે તેમજ આજુબાજુનાં પાનના ગલ્લાવાલાને ચેતવણી આપવામાં આવી કે, ''તમાકુથી કેન્સર થાય છે અને ૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે.'' આરોગ્ય વિષયક ચેતવણી વિના તમાકુ અને સિગારેટની અન્ય બનાવટોનું છૂટક વેચાણ પર પ્રતિબંધ છે આવી સૂચના આપવામાં આવી હતી.

ઉપરોક્ત કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એ.કે. સિંહ, એપેડેમિક મેડીકલ ઓફિસર ડૉ. મનોજ પટેલની સૂચના અને માર્ગદર્શન હેઠળ ડિસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ આરોગ્ય વિભાગ, ફૂડ અને ડ્રગ્સ વિભાગમાંથી જે.કે.ચૌધરી, પોલીસ વિભાગમાંથી હેડ કોન્સ્ટેબલ હેમંત જે. પટેલ અને જિલ્લા ટોબેકો સેલમાંથી કાઉન્સેલર એસ.ઝેડ.બાગુલ અને સોશિયલ વર્કર એ.એ.પટેલ હાજર રહી સફળતાપૂર્વક કામગીરી કરવામાં આવી હતી.

**નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ**

# વાપી શહેર ભાજપ દ્વારા 'સેવા પખવાડિયા' અંતર્ગત સુલપડ શેલ્ટર હોમ ખાતે અલ્પાહાર અને ફ્રૂટ વિતરણ કરાયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૨**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં સેવા અને સમર્પણના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર રાજ્યમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ સેવાકીય અને જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ ઉપલક્ષ્યમાં ગુજરાત રાજ્યના નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની સૂચના અને પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ વાપી શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા માનવ સેવાના ઉમદા હેચતુ સાથે એક વિશેષ સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

વાપીના સુલપડ વિસ્તારમાં કાર્યરત 'સહયોગ હેલ્પિંગ હેન્ડ શેલ્ટર હોમ' ખાતે શહેર ભાજપ સંગઠન દ્વારા ત્યાં આશ્રય લઈ રહેલા જરૂરિયાતમંદ લોકો માટે પૌષ્ટિક અલ્પાહાર તેમજ ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીના 'જનસેવા એ જ પ્રભુ સેવા'ના સંકલ્પને ચરિતાર્થ કરતા આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોએ જાતે આશ્રિતોને ફ્રૂટ અને નાસ્તો વહેંચીને તેમની સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો.

આ સેવાકીય પ્રસંગે વાપી મહાનગરપાલિકાના મેયર શ્રીમતી દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી મિતેશભાઈ દેસાઈ, ડાંગ જિલ્લા ભાજપ પ્રભારી શ્રી શિલ્પેશભાઈ દેસાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે વાપી શહેર ભાજપ મહામંત્રી શ્રી વિરાજ દક્ષિણી અને શ્રી હાર્દિકભાઈ પટેલ, ખજાનચી શ્રી દેવેન્દ્ર પટેલ, શહેર ઉપપ્રમુખ શ્રી પ્રવીણભાઈ પાટીલ, શ્રી નમિસ સિંહ, શ્રી જયેશભાઈ પટેલ તેમજ મંત્રી શ્રી સંતોષભાઈ હળપતિ સહિત વાપી મહાનગરપાલિકાના ચૂંટાયેલા કાઉન્સિલરશ્રીઓ, મોરચાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વાપી રજ્જુશ્રોફ યુનિવર્સિટીના લાઈબ્રેરિયન ડો. રાજેશસિંહ સોલંકીને પીએચડી પદવી એનાયત



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા. ૨૨**

રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના લાઈબ્રેરિયન ડૉ.રાજેશસિંહ સોલંકીએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી.

રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના ડૉ.રાજેશસિંહ ભગવાનસિંહ સોલંકીએ લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ વિષયમાં ડૉક્ટર ઓફ ફિલોસોફી પી.એચડી.(Ph.D.) ની પદવી પ્રાપ્ત કરી છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા જાહેર કરાયેલા Ph.D. નોટિફિકેશન નં. ૩૩૦૭ અનુસાર, રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીમાં લાઈબ્રેરિયન તરીકે ફરજ બજાવતા ડૉ. રાજેશસિંહ સોલંકીને પીએચ.ડી.ની પદવી માટે યોગ્ય જાહેર કરવામાં આવ્યા છે.

ડૉ. રાજેશસિંહ સોલંકીએ 'સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણના સાર્વજનિક મધ્યસ્થ ગ્રંથાલયોનો તુલનાત્મક અભ્યાસ' વિષય પર સંશોધન કાર્ય કર્યું છે. તેમના સંશોધન કાર્યના માર્ગદર્શક તરીકે ડૉ. હરિભાઈ પી. ટંડેલ, ગ્રંથપાલ અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઈન્સ્ટીટયુટ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન, સાબરગામ, સુરત રહ્યા હતા.

આ શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રની સિદ્ધિ બદલ રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ.વિકાસ દેસાઈ, ઈન્ચાર્જ રજીસ્ટ્રાર ડૉ. પ્રિયકાન્ત વેદ, યુનિવર્સિટીના અધ્યાપકગણ, સ્ટાફ તથા ટ્રસ્ટીશ્રીઓએ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# વાપીના સાવંત પરિવાર દ્વારા ૧૭૮ વર્ષથી ગૌરી ગણેશ સ્થાપના થાય છે, પેઢીઓ અને સરનામા બદલાયા પણ આસ્થા અતૂટ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૨**

વાપીમાં ગણેશોત્સવમાં વધેલી ભવ્યતા અને તામઝામ વચ્ચે સાવંત પરિવાર આજે પણ સાદગી અને શ્રદ્ધાની મિશાલ બની રહ્યો છે. મૂળ રૂપે ઉમરગામના પાલીધુયા ગામનો આ પરિવાર દ્વારા છેલ્લા ૧૭૮ વર્ષથી ગૌરી ગણેશની સ્થાપના પરંપરા ચાલી રહી છે. પરિવારની સાદગી પેઢી આ પરંપરા નિભાવી આગળ વધારી રહી છે.

સાવંત પરિવારના કિરણ સાવંતના જણાવ્યા મુજબ તેમના પૂર્વજ વિશ્રામ માધવ રાય સાવંત પેશવાઈ કાળથી પાલીધુયા ઉમરગામ નજીક ઈન્દ્રગઢ કિલ્લામાં ગૌરી ગણેશની સ્થાપના કરી ત્યાં ૬૫ વર્ષ આ પરંપરા પરિવારે નિભાવી હતી. ત્યારબાદ વાપીમાં સાવંત પરિવારે વસવાટ કર્યો ઝંડાચોક કબ્રસ્તાન વિસ્તારમાં ૧૧૩ વર્ષથી ગૌરી ગણેશ સ્થાપના કરી રહ્યો છે. અત્યારે પરિવારના સભ્યો મોટી દમણ ફૂટબોલ ગ્રાઉન્ડ નિલકમલ બિલ્ડીંગમાં રહે છે. ત્યાં પણ છેલ્લા ૧૩ વર્ષથી ગણેશ સ્થાપના કરે છે. સાવંત પરિવાર કોઈપણ દેખાડા વગર પરિવર શ્રદ્ધાપૂર્વક ઉત્સવ મનાવે છે. પરંપરા અનુસાર ચતુર્થિએ બાલ ગણેશ પ્રતિમાની સ્થાપના કરાય છે. તે વધી પચાંગ અનુસાર ગૌરી ગણેશની સ્થાપના કરવામાં આવે છે. સાવંત પરિવરના ઉમરગામ, વાપી હદો દમણ સુધી સરનામા બદલાતા રહ્યા પણ આસ્થા અતૂટ છે. ઉમરગામનો ભંડારી પરિવારના મનોજભાઈએ જણાવ્યું હતું કે અમે પાંચ પેઢીથી દાદાના દર્શન કરીએ છીએ.

# નવસારી જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન' અન્વયે 'નમો સેવા અનકહી કહાની' શેરી નાટકો યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) નવસારી, તા.૨૨**

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા નવસારી જિલ્લાભરમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત આગામી ૧૭ ઓક્ટોબર સુધી 'નમો સેવા અનકહી કહાની' શીર્ષક હેઠળ ખાસ શેરી નાટક શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર દરમિયાન યોજાનારા આ અભિયાનમાં નવસારી મહાનગરપાલિકા વિસ્તાર તેમજ જિલ્લાના નવસારી, જલાલપોર, ગણદેવી, ચીખલી, ખેરગામ અને વાંસદા તાલુકાના વિવિધ સ્થળોએ શેરી નાટકો ભજવવામાં આવશે.

આ નાટકોનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લાના નાગરિકો સુધી વિવિધ કલ્યાણકારી સંદેશાઓ પહોંચાડવાનો તેમજ લોકોમાં સેવાભાવના અને પ્રેરણાદાયી જીવનમૂલ્યો અંગે વિશેષ જાગૃતિ લાવવાનો છે. રસ ધરાવતા લોકોએ લાભ લેવા જિલ્લા રમત ગમત કચેરી દ્વારા જણાવાયું છે.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**વાપીના મિલકતધારકોએ...**

ઉલ્લેખનીય છે કે, વ્યાજ અને નોટિસ દંડની કાર્યવાહીથી બચવા માટે જાગૃત નાગરિકો આગળ આવી રહ્યા છે. સપ્ટેમ્બર માસ દરમિયાન અત્યાર સુધીમાં ૩૦૦૦ થી વધુ મિલકતધારકો દ્વારા કુલ રૂ.૧.૪૯ કરોડનો વેરો ભરી દેવામાં આવ્યો છે. જે નાગરિકોને હજુ પણ વેરો ભરવાના બાકી છે તેઓએ આ તક ઝડપી લેવી અનિવાર્ય છે. મહાનગરપાલિકા દ્વારા ઓનલાઈન પેમેન્ટ સુવિધાને વધુ સરળ બનાવી દેવાઈ છે. હાલ વેબસાઈટ vapicity.in તથા વાપી મ્યુનિસિપલ કોર્પોરેશન એપ દ્વારા ઓનલાઈન ટેક્ષ ભરવાની સગવડ ઉપલબ્ધ છે. ઘરબેઠા ઓનલાઈન પ્રોપર્ટી ટેક્ષ ભરનાર મિલકતધારકોને ૧% વધારાનું રિબેટ આપવાની પ્રોત્સાહક યોજના પણ કાર્યરત છે, જેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.


**CHANGE OF NAME**

MY DAUGHTER NAME CHANGED FROM ZAINABBANU JABIRBHAI MERCHANT / ZAINEBBANU TO **MERCHANT ZAINAB** AS PER DOCUMENT
**ADDRESS :** BLOCK NO.1, BEG-A-ZEHARA, CHANAKYAPURI SOCIETY, BAVISA FALIYA, SILVASSA - 396230

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM REHAN JABIRBHAI MERCHANT TO **MERCHANT REHAN** AS PER DOCUMENT
**ADDRESS :** BLOCK NO.1, BEG-A-ZEHARA, CHANAKYAPURI SOCIETY, BAVISA FALIYA, SILVASSA - 396230

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM KASTURIDEVI YADAV (OLD NAME) TO **KASTURIDEVI D YADAV (NEW NAME).** I WILL BE KNOWN BY MY **NEW NAME KASTURIDEVI D YADAV** AS PER MY DOCUMENTS.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM JABIR MOHSIN MERCHANT / JABIRBHAI MOHSINBHAI MERCHANT /JABIR MOHSIN MERCHANT / JABIRBHAI TO **MERCHANT JABIR HUSSIAN** AS PER DOCUMENT
**ADDRESS :** BLOCK NO.1, BEG-A-ZEHARA, CHANAKYAPURI SOCIETY, BAVISA FALIYA, SILVASSA - 396230

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM SIDIKA JABIR MERCHANT / SIDIKABEN JABIRBHAI MERCHANT /SIDIKA JABIR MERCHANT / SIDIKKABEN / SIDDIKA MERCHANT TO **MERCHANT SIDDIKABANU** AS PER DOCUMENT
**ADDRESS :** BLOCK NO.1, BEG-A-ZEHARA, CHANAKYAPURI SOCIETY, BAVISA FALIYA, SILVASSA - 396230

**CHANGE OF NAME**

I HAVE CHANGED OLD NAME FROM PAWAN KUMAR / PAWAN JAIN TO **NEW NAME PAWAN KUMAR JAIN** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
**SD : PAWAN KUMAR JAIN**
**ADDRESS :-** B-301 , PRAMUKH GARDEN-2, KILWANI ROAD, SILVASSA, DNH.

**CHANGE OF NAME**

**OLD NAME:** BUDHIABHAI PRABHUBHAI DHODI
**NEW NAME:** **NITINBHAI PRABHUBHAI DHODI**
**ADDRESS:** H. NO. 65, KANTHA FALIYU, ZARI, MOTI DAMAN - 396 220.

**CHANGE OF NAME**

**OLD NAME:** MAHESHKUMAR L. PATEL
**NEW NAME:** **BHANDARI MAHESHBHAI LAXMANBHAI**
**ADDRESS:** 99/3, BHANDARWAD, MARWAD, NANI DAMAM 396210, DAMAN.

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**

જાહેર બાંધકામ વિભાગ – દીવ

**ટેન્ડર આમંત્રિત કરવાની સુચના**

દીવ જિલ્લામાં ખુકરી જહાજ P-49 ના સલામતીનાં પગલાં માટે પેઇન્ટિંગ, કબલિંગ, પરચુરણ સમારકામ અને જાળવણી, વિશિષ્ટ સામગ્રી અને અન્ય સંલગ્ન વસ્તુઓની સપ્લાય કરવાની દરખાસ્ત (5th Call).

For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

| | |
|---|---|
| ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. | : 44/2026-2027 (2026_DIUDT_4969_1) |
| પ્રી-બીડ મીટીંગ ની તારીખ | : -- |
| ડાઉનલોડ ની છેલ્લી તારીખ | : 28/09/2026 |
| ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ | : 28/09/2026 |
| બીડ ખોલવાની તારીખ | : 28/09/2026 |

**કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.**

No. IP/DMN/2/5/2026-27/509, Dated: 22/09/2026

**UT Administration of Dadra Nagar Haveli and Daman & Diu**

Community Health Centre Ghoghla, Diu

Tender for Supply of Ayurvedic and Homeopathic medicines for CHC Ghoghla - Diu

dlisdiu@gma l.com

For details pl se scan

Notice No: 1-14-1 NAM/DAS/PROCURE /2026-27/328
Notice Date : 18/09/2026
Tender Opening Date : 01/10/2026 (6:00 PM)
Venue : CHC Ghoghla - Diu.

CHC Ghoghla - Diu.

No. IP/DMN/2/5/2026-27/517, Dated: 22/09/2026

**ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ**
**અન્સારી નગર, નવી દિલ્હી - ૧૧૦૦૨૯**
**પરિક્ષા વિભાગ**

**પ્રવેશ સૂચના નં. ૧૪૮/૨૦૨૬**

F.No.AIIMS/Exam.Sec./Advt./4-5/(INI-CET-PG-Jan-27)/2026 — 02.09.2026

**જાન્યુઆરી ૨૦૨૭ સત્ર માટે પીજી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે INI-CET**

AIIMS, નવી દિલ્હી દ્વારા **AIIMS, નવી દિલ્હી અને અન્ય AIIMS, JIPMER Puducherry, NIMHANS Bengaluru, PGIMER Chandigarh અને SCTIMST Trivandrum** ના પીજી અભ્યાસક્રમો [MD/MS/M.Ch. (6 વર્ષ)/ DM(6 વર્ષ)/MDS]માં પ્રવેશ માટે ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ કમ્બાઈન્ડ એન્ટ્રન્સ ટેસ્ટ **(INI-CET) જાન્યુઆરી ૨૦૨૭** ના સત્ર માટે ઓનલાઈન અરજીઓ આમંત્રિત કરવામાં આવી છે, જે નીચે આપેલા સમયપત્રક મુજબ:-

| અરજી માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન | પ્રારંભ તારીખ | છેલ્લી તારીખ |
|---|---|---|
| અરજી માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન | ૧૬.૦૯.૨૦૨૬ | ૧૩.૧૦.૨૦૨૬ (સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં) |
| નોંધણીની સ્થિતિ | ૧૭.૧૦.૨૦૨૬ | ૧૯.૧૦.૨૦૨૬ (સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં) |
| એઈમ્સ વેબસાઇટ પર પ્રવેશ કાર્ડ અપલોડ કરવું | ૨૬મી ઓક્ટોબર, ૨૦૨૬ (સોમવાર) | |
| પરીક્ષાની તારીખ | ૦૧લી નવેમ્બર, ૨૦૨૬ (રવિવાર) | |

તમામ નવીનતમ અપડેટ્સ અને વિગતવાર માહિતી માટે કૃપા કરીને વેબસાઇટ www.aiimsexams.ac.in ની નિયમિત મુલાકાત લો.

CBC 17112/11/0042/2627 — આસિસ્ટન્ટ કંટ્રોલર (પરીક્ષા)


વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# સુથારપાડા-ગિરનારા સીએચસીની વલસાડના સાંસદ ધવલભાઈ પટેલે ઓચિંતી મુલાકાત લીધી

**દર્દીઓ અને ગ્રામજનો સાથે સંવાદ કરી આરોગ્ય સેવાઓની સમીક્ષા કરી**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૨**

વલસાડ અને ડાંગ લોકસભા ક્ષેત્રના સાંસદ તથા લોકસભા દંડક શ્રી ધવલભાઈ પટેલે આજે સુથારપાડા-ગિરનારી વિસ્તારની ઓચિંતી મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે સુથારપાડા સ્થિત સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC)ની પ્રત્યક્ષ મુલાકાત લઈ આરોગ્યલક્ષી સેવાઓ, ઉપલબ્ધ સાધન-સામગ્રી અને વહીવટી કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

સાંસદશ્રીએ સીએચસી ખાતે સારવાર લઈ રહેલા દર્દીઓ અને સ્થાનિક ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે દર્દીઓને મળતી દવાઓ, તબીબી તપાસ, ભોજન તથા સ્ટાફની ઉપસ્થિતિ સહિતની સુવિધાઓ અંગે જાત માહિતી મેળવી લોકોના પ્રતિભાવો જાણ્યા હતા,આ નિરીક્ષણ બાદ સાંસદશ્રી ધવલભાઈ પટેલે ઉપસ્થિત આરોગ્ય અધિકારીઓ અને સ્ટાફ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

છેવાડાના માનવી સુધી ઉત્તમ અને ત્વરિત આરોગ્ય સેવાઓ પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે તેમણે નીચે મુજબની સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

**સુવિધાઓનું સુદ્રઢીકરણ:** હોસ્પિટલમાં જરૂરી તબીબી સાધનો, દવાઓનો પૂરતો જથ્થો અને માળખાકીય સુવિધાઓ વધુ મજબૂત બનાવવી.

**વ્યવસ્થામાં સુધારો :** હોસ્પિટલ પરિસરમાં સ્વચ્છતા જાળવવા, દર્દીઓ માટે બેસવાની યોગ્ય વ્યવસ્થા અને પીવાના શુદ્ધ પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓ તાકીદે સુધારવી.

**કામગીરીમાં ગતિશીલતા :** આરોગ્ય કેન્દ્રની દૈનિક કામગીરીમાં પારદર્શિતા અને ત્વરિતતા લાવવી, જેથી સામાન્ય નાગરિકોને કોઈપણ મુશ્કેલી વિના સમયસર ઉત્તમ સારવાર મળી રહે.

સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ સુદ્રઢ બનાવવી એ પ્રાથમિકતા છે, આ મુલાકાત વખતે સ્થાનિક અગ્રણીઓ, કાર્યકરો અને આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉમરસાડી માછીવાડમાં કરૂણાંતિકા સર્જાઈ: પાર નદીમાં બોટ પલટી જતા દોઢ વર્ષીય બાળકનું મોત

**લક્ષ્મીનારાયણ મંદિરના લાલાજી પણ પાણીમાં અદ્રશ્ય, મચ્છીની જાળમાં બોટનો પંખો ભેરવાતા બોટ પલટી**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૨**

પારડીના દરિયાકાંઠે આવેલ ઉંમરસાડી માછીવાડ ગામમાં આવેલ લક્ષ્મીનારાયણ મંદિર ભક્તિ અને આસ્થાનું પ્રતીક છે.

મંદિરમાં બિરાજમાન લાલાજીની પૂજા અર્ચના તથા તમામ પ્રકારની સેવા માટે એક વર્ષ માટે અલગ-અલગ ફળિયાને લાભ મળે છે. આજરોજ એક ફળિયાનો વારો પૂર્ણ થતા હોય અન્ય ફળિયાના ઉમરસાડી માછીવાડના લોકો લાલાજીને દરિયામાં તથા નદીમાં સ્નાન કરવાની પરંપરા અને રિવાજ મુજબ લાલાજીને દરિયા તથા પાર નદીમાં સ્નાન કરાવવા લઈ ગયા હતા. સ્નાન કરાવી લાલાજીને ફરીથી મંદિરમાં બિરાજમાન કરી એક વર્ષ સુધી લાલાજીની પૂજા અર્ચના તથા અન્ય સેવા કરવાના અરમાન સાથે પરત ફરતી વખતે પાર નદીના પાણીમાં માછલી પકડવાની જાળમાં બોટનો પંખો આવી જતા આ બોટ પાર નદીમાં પલટી જઈ ડૂબી ગઈ હતી.

બોટ ડૂબી જવાથી બાજુમાં જ ચાલતી અન્ય બોટો દ્વારા આ બોટમાં સવાર સૌને બચાવી લેવાયા હતા. પરંતુ મોરી ફળિયા ખાતે રહેતા અજયભાઈ અને ગાયત્રીબેનના દોઢ વર્ષીય દીકરો પણ આ બોટમાં સવાર હોય તેમના કોઈ પતો ન લાગતાં પાર નદીમાં ડૂબી જતા ઉંમરસાડી માછીવાડમાં કરૂણીતા સર્જાતા ગામના તોડે તોડા ઉમરસાડી ખાતે બનાવેલ મગોદ ડુગરીને જોડતા પુલ ખાતે ઉમટી પડ્યા હતા.

પારડી પોલીસ તથા ૧૦૮ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી, પરંતુ તેઓ પણ મુકપ્રેક્ષક બની ગઈ હતી. અન્ય બોટ દ્વારા આ ડૂબેલ બોટને કાઢવાના પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. ચંદ્રપુરથી માંગેલા લાઈટ સેવર ટ્રસ્ટની ટીમ પણ આવી પહોંચી બાળકને શોધવાના પ્રયત્નો આદર્યા છે.

# વાપી ભડકમોરા સુલપડમાં ગાંજા સાથે ઝડપાયેલ ત્રણ આરોપીને કોર્ટે ૧૦ વર્ષની જેલ અને ૧ લાખનો દંડ ફટકાર્યો

**આરોપી મનોજ ઠાકુર, ભૂષણ ચોરસીયા, અભિષેક અશોક તમામ રહે. સુલપડ પાસેથી પાંચ વર્ષ પહેલા પોલીસે ૭૫૦૦ કિગ્રા ગાંજો પકડ્યો હતો**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૨**

વાપીમાં પાંચ વર્ષ અગાઉ ભડકમોરા સુલપડમાંથી ટાઉન પોલીસે ૭૫૫૬ કી.ગ્રા. ગાંજા સાથે ત્રણ આરોપી ઝડપ્યા હતા. કોર્ટમાં ચાર્જસીટ બાદ હાથ ધરાયેલ સુનાવણીમાં નામદાર કોર્ટે ત્રણેય આરોપીઓને દશ દશ વર્ષની જેલની સજા અને એક લાખનો દંડ ફટકારતો ચૂકાદો આપ્યો હતો.

વાપી ભડકમોરા સુલપડ વિસ્તારમાં ટાઉન પોલીસે રેડ કરીને ગાંજાના ૭૫૫૬ કી.ગ્રામ.નો જથ્થો કિંમત રૂા. ૭૫૬૫૦નો ઝડપ્યો હતો. આરોપીઓ પાસેથી ૫૫૦૦ રૂપિયાના ત્રણ મોબાઈલ મળી કુલ ૮૧૦૬૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યા હતો. ત્રણેય ગાંજા તસ્કરી આરોપીનો કેસ કોર્ટમાં ચાલી જતા કોર્ટે ત્રણેય આરોપી મનોજ જયદેવસિંહ ઠાકુર, ભૂષણ જામુનભાઈ ચોરસીયા, અભિષેક અશોકસિંહ ત્રણે સ્થાનિક સુલપડમાં રહી ગાંજાનું વેચાણ કરતા હતા.

પોલીસે તપાસ દરમિયાન મુખ્ય આરોપી મનોજ ઠાકુરે કથિત રીતે કબૂલ કર્યુ હતું કે મહારાષ્ટ્રના નાસિકમાં ગોદાવરી નદી પાસે રહેતા સચિન્દ્રકુમાર પાટીલ પાસેથી એસ.ટી.બસમાં ગાંજો મંગાવતા હતા. ગાંજો વાપીમાં લાવી સાથી આરોપી ભૂષણ ચોરસીયા અને અભિષેક મળીને ઝૂંપડપટ્ટીમાં ગાંજાનું છૂટક વેચાણ કરતા હતા.

**વાપી મનપામાં સપ્ટેમ્બર માસ દરમિયાન અત્યાર સુધીમાં ૩૦૦૦થી વધુ મિલકતધારકોએ કુલ રૂ.૧.૪૯ કરોડનો વેરો ભર્યો**

# વાપીના મિલકતધારકોએ વહેલી તકે બાકી વેરો ભરી દેવો, નહીંતર એક ટકા વ્યાજ લાગશે

**વ્યાજનો દર વધીને માર્ચ-૨૦૨૬ સુધી ૬ ટકા સુધી થઈ જશે, ત્યારબાદ તમામ બાકી વેરા પર ૧૨ ટકા વ્યાજ વસૂલાશે**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૨**

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં ઓક્ટોબર માસથી બાકી ઘરવેરાની રકમ ઉપર નિયમોનુસાર વ્યાજ લાગવાનું શરૂ થનાર હોવાથી મિલકતધારકોને પોતાનો વર્ષ ૨૦૨૬-૨૭ સુધીનો બાકી વેરો ભરી દેવા ઘરવેરા વિભાગની યાદીમાં જણાવાયું છે.

ગત જૂન માસમાં મહાનગરપાલિકા વિસ્તારમાં આવતા ગામ વિસ્તારો સહિત તમામ મિલકતધારકોને ૫% ટકા રિબેટ યોજનાનો લાભ આપવામાં આવ્યો હતો. હવે નિયમ મુજબ ઓક્ટોબર માસથી ચાલું વર્ષના બાકી વેરાની રકમ ઉપર દર મહિને ૧% વ્યાજ લાગવાનું શરૂ થશે. આ વ્યાજનો દર વધતા-વધતા માર્ચ-૨૬ સુધીમાં ૬% સુધી પહોંચી જશે અને ત્યારબાદ તમામ પ્રકારની બાકી રકમ પર ૧૨% ના દરે વ્યાજ વસૂલવામાં આવશે. ખાસ કરીને જે મિલકતધારકો છેલ્લા બે વર્ષ કે તેથી વધુ સમયથી પોતાનો વેરો ભરવામાં અનિયમિત કે બેદરકાર રહ્યા છે તેમને ઓક્ટોબર માસથી વિશેષ નોટિસો આપવામાં આવશે. અને નોટિસ ફી પણ વસૂલવામાં આવશે.

-વધુ પેજ નં.૭ પર

# દમણ ન.પા. પ્રમુખ દિપીકાબેન ટંડેલે 'જેટી કા રાજા' ગણપતિજીની આરતીમાં ભાગ લઈ મેળવેલા આશીર્વાદ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**દમણ, તા.૨૨:** આજે 'જેટી કા રાજા'ના પવિત્ર દરબારમાં યોજાયેલી સાંજની આરતીમાં ડીએમસી પ્રમુખ શ્રીમતી દીપિકાબેન ટંડેલ, કાઉન્સિલર શ્રી પિયુષ ટંડેલ, શ્રીમતી પ્રમિલાબેન રાણા, સાંસદશ્રી ઉમેશભાઈ પટેલના ધર્મ પત્ની અને તેમના પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. સૌએ ભક્તિભાવપૂર્વક શ્રી ગણેશજીની સાંજની આરતીમાં ભાગ લીધો હતો અને ભગવાન ગણેશજીના આશીર્વાદ મેળવી દમણમાં હંમેશા સુખ, સમૃદ્ધિ અને શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' પ્રદર્શન અંતર્ગત ડાભેલની સરકારી શાળામાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૨**

'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' પ્રદર્શન અંતર્ગત ડાભેલની સરકારી શાળામાં વિદ્યાર્થીઓ માટે ચિત્રકલા, નિબંધ લેખન તથા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધાઓમાં ડાભેલની સરકારી શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડાભેલ ગ્રામ પંચાયતનાં સરપંચ શ્રીમતી હેમાક્ષીબેન કનુભાઈ પટેલ, ગ્રામ પંચાયતનાં સભ્ય શ્રીમતી કરિશ્માબેન નવીનભાઈ પટેલ તથા ડાભેલ શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# મોટી દમણની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં 'મહિલા મંડળ દમણ' દ્વારા 'ઉડાન - સપનો સે સફલતા તક' કાર્યક્રમ યોજાયો

**કાર્યક્રમના મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહેલા સંજીવભાઈ પંડ્યાએ વિદ્યાર્થીઓને સફળ અને સુખી ભવિષ્ય માટે મહેનત કરીને લક્ષ્ય તરફ પહોંચવા બતાવેલી યુક્તિ**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૨**

આજે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા મોટી દમણમાં 'મહિલા મંડળ દમણ' દ્વારા 'ઉડાન - સપનો સે સફલતા તક' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી સંજીવ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

આ પ્રસંગે શાળાની શિક્ષિકા શ્રીમતી પ્રમીલા પી. સોલંકીએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. શ્રી સંજીવભાઈ પંડ્યાએ વિદ્યાર્થીઓને સફળ અને સુખી ભવિષ્ય માટે મહેનત કરીને લક્ષ્ય તરફ પહોંચવા સરસ યુક્તિ જણાવીને તેમનો હોંશલો વધાર્યો હતો. આ અવસરે શાળાની પ્રિન્સિપાલ શ્રીમતી રસીલા જે. ટંડેલે પણ વિદ્યાર્થીઓ માટે સફળ ભવિષ્યની કામના કરી હતી અને શ્રીમતી પુષ્પાબેન ધુકાએ આશીર્વાદ આપ્યા હતા. અંતમાં શ્રીમતી નીતાબેન મહેતાએ સૌનો આભાર માન્યો હતો અને કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ શિક્ષકોએ સાથ અને સહકાર આપ્યો હતો.



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

આજે, કુંતેશ્વર મહાદેવ મંદિરના શ્રી કલ્પેશ મહારાજે 'જેટી કા રાજા'ના પવિત્ર દરબારમાં દર્શન કર્યા હતા. આ પ્રસંગે, તેમણે ભગવાન ગણેશના આશીર્વાદ માંગ્યા હતા અને દરેક માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિની કામના કરી હતી.

# ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ૨૮ સપ્ટેમ્બરે ડાક અદાલત યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૨૨:** વલસાડ જિલ્લાની ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકણ માટે સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, વલસાડ ડિવિઝન ખાતે તા.૨૮.૦૯.૨૦૨૬ના રોજ ૧૨ કલાકે "ડાક અદાલત"નું આયોજન કરવામાં આવ્યું છે. આ અદાલતમાં નીતિવિષયક મુદ્દા સિવાયની ટપાલ સેવાઓને લગતી અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરવામાં આવશે. "ટપાલ સેવા" સંબંધી અદાલતમા રજૂ કરવાની ફરિયાદો સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, વલસાડ ડિવિઝન વલસાડ-૩૯૬૦૦૧ને મોડામાં મોડી તા.૨૪.૦૯.૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલી ફરિયાદો ધ્યાનમાં લેવામાં આવશે નહિ એવું સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસની અખબારી યાદીમાં જણાવાયુ છે.

# વાપી મનપાની સ્થાયી સમિતિની બેઠક યોજાઈ: જાહેર પરિવહન વધુ સુલભ બનાવવાનો નિર્ણય લેવાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૨**

વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક યોજાઈ હતી, તેમાં એસપીવીની રચના, કોર્પોરેશનના સભ્યો માટે માનદ વેતન-ભથ્થા અને કરાર આધારિત નોકરીમાં પાંચ વર્ષ ફરજ બજાવનારા સફાઈ કર્મચારીઓની સેલને લંબાવવા સહિતના મુદ્દાઓ પર વિચારવિમર્શ કરી સામાન્ય સભામાં મંજૂરી માટે મોકલવાની ભલામણ કરવામાં આવી હતી.

આ બેઠકમાં સ્થાયી સમિતિના સભ્યો, કમિશનર શ્રી એન.એફ.ચૌધરી, નાયબ કમિશનર, શ્રી કિરણસિંહ રાણા અને શ્રી વિશાલભાઈ પટેલ સહિત સંબબિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ચેરમેન શ્રી સતિષભાઈ પટેલની અધ્યક્ષતામાં તા.૨૧મી સપ્ટેમ્બરના રોજ સ્થાયી સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં ગત તા,૧૧મી સપ્ટેમ્બરની સભાની કાર્યવાહીને બહાલી આપવાની ઔપચારિકતા પૂર્ણ કરવામાં આવી હતી. ત્યાર બાદ શહેરના જાહેર પરિવહનને સુવ્યવસ્થિતત કરી કાર્યક્ષમ બનાવવા મ્યુનિસિપાલિટીની જોગવાઈ અનુસાર એસપીવી (સ્પેશ્યલ પર્પસ વ્હીકલ)ની રચના કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ એસપીવીની રચના કરવાની મંજૂરી માટે સામાન્ય સભાને દરખાસ્ત મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સ્થાયી સમિતિની બેઠકમાં ચેરમેન શ્રી સતિષભાઈ પટેલે કોર્પોરેશનના સભ્યના માનદ વેતન અને ભથ્થા માટે બજેટમાં જોગવાઈ નહોવાથી તેની જોગવાઈ કરવાની દરખાસ્ત પણ સામાન્યા સભામાં મોકલવા ભલામણ કરી હતી.

સ્થાયી સમિતિના ચેરમેને સફાઈ કર્મચારીઓ તરફ માનવીય અભિગમ દર્શાવી છેલ્લા પાંચ વર્ષથી કામ કરતાં ૪૭ જેટલા સફાઈ કર્મચારીઓની સેવાને લંબાવવા નિર્ણય લેવાયો હતો. આમ સ્થાયી સમિતિમાં શહેરના પરિવહનને આધુનિક ઓપ, ચૂંટાયેલા સભ્યોને માનદ વેતન-ભથ્થા દ્વારા સન્માન અને પાંચ વર્ષથી કરાર આધારિત સેવા આપતા સફાઈ કર્મચારીઓની સેવા લંબાવવાનો નિર્ણય લઈ માનવીય અભિગમ દર્શાવ્યો હતો.